# 'હર ઘર તિરંગા' યાત્રા થકી આઝાદીના લડવૈયાઓને ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ પાઠવી તેમાંથી પ્રેરણા લઈ દેશને મજબૂત બનાવવા લોકચેતના જગાવીએ : મંત્રી કુંવરજીભાઈ બાવળિયા

## 'ભારત માતાકી જય', 'વંદે માતરમ' ના જય ઘોષ સાથે મોટી સંખ્યામાં નગરજનો તિરંગા યાત્રામાં જોડાયા વિવિધ ફ્લોટ્સ, સાંસ્કૃતિક કાર્યક્રમોએ રેલીમાં આકર્ષણ જમાવ્યું





(પંકજ ઝીબા દ્વારા)

રાજકોટ તા.૧૩

આઝાદીના અમૃત કાળમાં રાષ્ટ્રભકિત અને રાષ્ટ્રીય ચેતનાને પ્રબળ બનાવવાના ઉદ્દેશ સાથે આગામી સ્વાતંત્ર પર્વ પૂર્વે ઠેર-ઠેર "હર ઘર તિરંગા યાત્રા" ચાલી રહી છે, જેના ભાગરૂપે રાજકોટ જિલ્લા કક્ષાની તિરંગા યાત્રા જસદણ ખાતે પાણી પુરવઠા મંત્રી કુવરજીભાઈ બાવળીયાના અધ્યક્ષસ્થાને યોજાઈ હતી. જસદણના જળ શકિત સર્કલ ખાતેથી માર્કેટિંગ યાર્ડ સુધીની પદયાત્રામાં મંત્રી કુવરજીભાઈ બાવળીયા, કલેકટર પ્રભવ જોશી, જિલ્લા વિકાસ અધિકારી ડો. નવનાથ ગવ્હાણે, પોલીસ અધિક્ષકશ્રી જયપાલસિંહ રાઠોડ સહિતના મહાનુભાવોએ વરસતા વરસાદમાં હાથમાં તિરંગો લહેરાવી દેશભક્તિના નારા સાથે નગરજનોને રાષ્ટ્રભકિતની ભાવનામાં તરબતર કર્યા હતા. મંત્રી બાવળીયાએ 'હર ઘર તિરંગા' યાત્રાનું મહત્વ સમજાવતા કહ્યું હતું કે, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ સમગ્ર દેશમાં રાષ્ટ્રભાવના પ્રબળ બને અને વર્ષ ૨૦૪૭ સુધીમાં ભારત પૂર્ણ વિકસિત બને તે માટે અનેકવિધ કાર્યક્રમો હાથ ધર્યા છે. મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ તિરંગા યાત્રા થકી ઘરે-ઘરે તિરંગો લહેરાવીએ. આ તકે આઝાદીના લડવૈયાઓને ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ પાઠવી તેમાંથી પ્રેરણા લઈ દેશને મજબૂત બનાવવા મંત્રીએ આહવાન કર્યું હતું. મંત્રીએ વિદ્યાર્થીઓને ઉદબોધનમાં કહ્યું હતું કે આપણે સૌ સુરક્ષિત છીએ તેના માટે દેશની રક્ષા કરતા નવજવાન સૈનિકોને આજના દિવસે ખાસ યાદ કરીને સૈનિકોની રાષ્ટ્ર ભાવના અને નિષ્ઠાને વંદન કરવા જોઈએ. કલેકટર પ્રભવ જોશીએ આ તકે ખાસ કરીને વિદ્યાર્થી યુવાનોને સ્વતંત્ર સેનાનીઓએ દેશ માટે આપેલ બલિદાનને યાદ કરી દેશને મજબૂત બનાવવા માટે આગળ આવવા સંદેશ આપી આ યાત્રાને ગૌરવ પૂર્ણ બનાવવા અપીલ કરી હતી. યાત્રામાં રાજ્ય સરકારની કલ્યાણકારી યોજનાઓ દર્શાવતા વિવિધ ફ્લોટ્સ જોડાયા હતા. કાર્યક્રમ સ્થળે વિદ્યાર્થીઓ દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમમાં વિવિધ રંગારંગ કૃતિઓ રજૂ કરાઈ હતી. મોડલ સ્કૂલની વિદ્યાર્થીનીઓએ કરાટેના દાવ પેચ રજુ કરી નારી સશક્તિકરણનું ઉદાહરણ પૂરૂ પાડ્યું હતું. આ તિરંગા યાત્રામાં તાલુકા અગ્રણી ઓ સર્વશ્રી કમલેશભાઈ વરૂ, અશોકભાઈ એમ.ચાંવ (પૂર્વ સરપંચ ગોડલાધાર), સીમાબેન જોશી, અશોકભાઈ મહેતા, અશોકભાઈ ધાધલ, અનિલભાઈ મકાણી, પંકજભાઈ ચાવ, ભાવેશભાઈ વેકરીયા, અશોકભાઈ ચાવ, કલ્પેશભાઈ રૂપારેલીયા, જીગ્નેશભાઈ હિરપરા, વિનુભાઈ ધડુક તેમજ નિવાસી અધિક કલેકટર ચેતન ગાંધી, પ્રાંત અધિકારી ગ્રીષ્મા રાઠવા, નિશા ચૌધરી, વિમલ ચક્રવર્તી, પુરવઠા અધિકારી વંગવાની, મામલતદાર પંચાલ, એમ.ડી. દવે, અલ્પેશ પાવરા, સહિત રમત ગમત, શિક્ષણ, આરોગ્ય, આર.ટી.ઓ., વન વિભાગ, નગરપાલિકાના અધિકારીઓ, પદાધિકારીઓ, વિવિધ વેપારી એસોસિએશન, સંગઠન, સહકારી ક્ષેત્રના સ્થાનિક આગેવાનો, વિદ્યાર્થીઓ અને મોટી સંખ્યામાં નગરજનો જોડાયા હતા.

**ગોંડલ તાલુકાના દેરડીકુંભાજી ખાતે યોજાઈ "તિરંગા યાત્રા"**

રાજકોટ જિલ્લાનાં ગોંડલ તાલુકાના દેરડીકુંભાજી ગામ ખાતે "તિરંગા યાત્રા" યોજાઈ હતી. હાથમાં તિરંગો ધ્વજ લઈને નીકળેલી આ યાત્રામાં અધિકારીઓ, પદાધિકારીઓ તેમજ વિદ્યાર્થીઓએ તિરંગાનાં ધ્વજ સાથે મુખ્ય માર્ગો ઉપર ફરીને લોકચેતના જગાવી હતી. ગ્રામજનોએ ઉમંગભેર તિરંગા યાત્રામાં જોડાઈને દેશભક્તિનો જુસ્સો દર્શાવ્યો હતો. ઉલ્લેખનીય છે કે, તારીખ ૮ થી ૧૨ ઓગસ્ટ દરમિયાન રાજ્યભરમાં 'હર ઘર તિરંગા' કાર્યક્રમ અંતર્ગત વિવિધ કાર્યક્રમો યોજવામાં આવી રહ્યા છે. જેમાં તિરંગા સેલ્ફી, તિરંગા શપથ, તિરંગા કેન્વાસ, તિરંગા ટ્રીબ્યુટ, તિરંગા મેળા, અને તિરંગા રન જેવા કાર્યક્રમોનું આયોજન કરવામાં આવી રહ્યું છે. તિરંગા યાત્રામાં તાલુકા પંચાયત ઉપપ્રમુખ ચિરાગભાઈ ગોલ, સરપંચ શૈલેષભાઈ ખાતરા, તાલુકા વિકાસ અધિકારી મિલન ઉકાવાલા સહિતના અધિકારીઓ, ગ્રામજનો, શાળાના વિદ્યાર્થીઓ જોડાયા હતા. 'હર ઘર તિરંગા' અભિયાનમાં રાષ્ટ્રીય પક્ષી મોરની રંગોળી અને આઝાદી અંગે વક્તવ્ય આપીને ભુખી કન્યા શાળાની રાષ્ટ્ર ભાવના જગાવી ગુજરાત સરકાર દ્વારા સ્વતંત્રતા દિવસ નિમિત્તે લોકોમાં રહેલી દેશદાઝની ભાવના જગાવવાના આશયથી 'હર ઘર તિરંગા' અભિયાન ચાલી રહ્યું છે. ત્યારે આ અભિયાનમાં વિદ્યાર્થીનીઓને સહભાગી બનાવવાના હેતુસર રાજકોટ જિલ્લાના ધોરાજી તાલુકાની ભુખી કન્યા શાળામાં રંગોળી સ્પર્ધા અને વકતૃત્વ સ્પર્ધા યોજાઈ હતી. બાળાઓએ રંગોળી સ્પર્ધામાં રાષ્ટ્રીય પક્ષી મોર, રાષ્ટ્ર ધ્વજ જેવી આકૃતિઓ અને 'વંદે માતરમ' જેવા સૂત્રો સાથે વિવિધ રંગોળીઓ રચીને દેશભક્તિને ઉજાગર કરી હતી. તેમજ વિદ્યાર્થીનીઓએ વકતૃત્વ સ્પર્ધામાં આઝાદીની લડત વિષયક વક્તવ્ય આપ્યું હતું. આ તકે આચાર્યશ્રી જસ્મીનાબેન અઘેરા અને શિક્ષકોએ વિદ્યાર્થીનીઓને આ બંને સ્પર્ધાઓમાં ઉત્સાહભેર ભાગ લેવા બદલ વધાવી હતી, તેમ ધોરાજી મામલતદારની યાદીમાં જણાવાયું છે. હેરૂ જુનિયર હોકી સ્પર્ધા (ભાઈઓ) અને અન્ડર-૧૭ નહેરૂ જુનિયર હોકી સ્પર્ધા (બહેનો) માટે જન્મતારીખ ૧/૧૧/૨૦૦૭થી જે-તે વય જૂથમાં કટ ઓફ ડેટ ૩૧/૧૦/૨૦૨૪ને ધ્યાને લઈને ભાગ લેવાનો રહેશે. કોઈપણ કેટેગરી માટે ધોરણ બાધ નથી, તેમ જિલ્લા રમતગમત અધિકારી વી. પી. જાડેજાની યાદીમાં જણાવાયું છે.

ગુજકોસ્ટ ગાંધીનગર તથા શ્રી ધર્મભક્તિ જિલ્લા લોકો જ્ઞાન કેન્દ્રના સહયોગથી

## ગીર સોમનાથ જિલ્લાની ૬૦ શાળાના વિદ્યાર્થીઓ રિજીયોનલ સાયન્સ સેન્ટર રાજકોટ તથા ભાવનગરની મુલાકાત લેશે



(પ્રતિનિધિ દ્વારા)

પ્રભાસ-પાટણ તા.૧૩

ગીર સોમનાથ જિલ્લાનાં વિદ્યાર્થીઓ અને શિક્ષકોમાં વિજ્ઞાન અને ટેકનોલોજી પ્રત્યે અભિરૂચી વધે અને જીજ્ઞાસાવૃતિ કેળવાય તે હેતુસર ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી (ગુજકોસ્ટ), વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ ગુજરાત સરકારના સહયોગથી શ્રી ધર્મભક્તિ જિલ્લા લોક વિજ્ઞાન કેન્દ્ર દ્વારા વિનામૂલ્યે રિજિયોનલ સાયન્સ સેન્ટરની મુલાકાત કરાવવાનું આયોજન કરવામાં આવ્યું છે. જે અન્વયે તા.૧૩/૦૮/૨૪ના રોજ શેઠ એમ.પી. ગર્લ્સ હાઈસ્કુલ માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક વેરાવળ ની વિદ્યાર્થીનીને રિજિયોનલ સાયન્સ સેન્ટર રાજકોટની મુલાકાત માટે મુકેશભાઈ ચોલેરા (સામાજિક અગ્રણી તથા ડાયરેકટરશ્રી વેરાવળ પીપલ્સ બેંક) ના વરદ હસ્તે ફ્લેગઓફ આપી જિલ્લાની પ્રથમ બસનું પ્રસ્થાન કરાવવામાં આવ્યું હતું. આ તકે લોક વિજ્ઞાન કેન્દ્રના કો-ઓર્ડિનેટર નરેશભાઈ એન ગુંદરાણીયા એ જણાવ્યું હતું કે, રીજીયોનલ સાયન્સ સેન્ટર ખાતે વિજ્ઞાન અને ટેકનોલોજીની રોમાંચક અને આકર્ષણથી ભરપુર માહિતીસભર અનેકવિધ આકર્ષિત ગેલેરીઓ આવેલી છે. આથી ગુજરાત સાયન્સ સીટી અને રીજીયોનલ સાયન્સ સેન્ટરની મુલાકાત વિદ્યાર્થીઓ માટે જ્ઞાનવર્ધક તેમજ વિજ્ઞાન પ્રત્યે અભિરૂચી વધારવામાં મદદરૂપ બની રહેશે. ગીર સોમનાથ જિલ્લામાં શહેરી તેમજ ૬ તાલુકામાં સમાવિષ્ટ ગ્રામ્ય વિસ્તારની પ્રાથમિક શાળાઓ, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના વિદ્યાર્થીઓ અને શિક્ષકોને ગુજકોસ્ટ પ્રસ્થાપિત રીજીયોનલ સાયન્સ સેન્ટર(રાજકોટ તથા ભાવનગર)ની શૈક્ષણિક મુલાકાત ઓગસ્ટ થી ઓકટોબર – ૨૦૨૪ દરમ્યાન મુલાકાત કરાવવાનું આયોજન કરવામાં આવ્યું છે. આ મુલાકાતમાં પ્રાથમિક અને માધ્યમિક મળી કુલ ૬૦ શાળાઓનો સમાવેશ થશે. જેમાં રીજીયોનલ સાયન્સ સેન્ટર, રાજકોટ માટે ૩૦ બસ, રીજીયોનલ સાયન્સ સેન્ટર, ભાવનગર માટે ૩૦ બસ એમ કુલ ૬૦ બસ દ્વારા ૨૮૦૦ વિદ્યાર્થીઓ અને ૧૮૦ શિક્ષકોને આ સાયન્સ ટુર વિનામૂલ્યે ગુજરાત એસ.ટી.નિગમની બસ દ્વારા જિલ્લાના શ્રી ધર્મભકતી જિલ્લા લોક વિજ્ઞાન કેન્દ્ર મારફત કરાવવામાં આવશે. આવવા જવા માટેનું બસ ભાડું, તેમજ રીજીયોનલ સાયન્સ સેન્ટરની એન્ટ્રી ટીકીટનો ખર્ચ ગુજકોસ્ટ દ્વારા ચુકવવામાં આવનાર છે. આ તમામ કાર્યક્રમનું સંચાલન લોક વિજ્ઞાન કેન્દ્રના એકેડેમીક કૉઓર્ડીનેટર વિજયભાઈ જી.કોટડીયા તથા સાયન્સ કોમ્યુનિકેટર ધર્મેશભાઈ જે. મકાણી દ્વારા કરવામાં આવશે.

## બાંગ્લાદેશમાં હિંસા અને અરાજકતાથી પિડીત લઘુમતિ હિન્દુ સમાજની સુરક્ષા સુનિશ્ચિત કરવા માંગરોળમાં મામલતદારને આવેદન પાઠવ્યું






(નિલેશ રાજપરા દ્વારા)

માંગરોળ તા.૧૩

બાંગ્લાદેશમાં હિંસા અને અરાજકતાથી પિડીત લઘુમતિ હિન્દુ સમાજની સુરક્ષા સુનિશ્ચિત કરવા માંગરોળના વિવિધ હિન્દુ સંગઠનોએ મામલતદારને આવેદન પાઠવ્યું છે. વિશ્વ હિન્દુ પરિષદ, બજરંગ દળ, વંદે માતરમ્ ગ્રુપ, હિન્દુ યુવા સંગઠન, સંજીવની નેચર ફાઉન્ડેશન સહિતના સંગઠનોએ આજે એકત્રિત થઈ "બાંગ્લાદેશમાં હિન્દુઓની રક્ષા કરો"ના સૂત્રોચ્ચાર સાથે રાષ્ટ્રપતિને સંબોધિત આવેદન મામલતદારને પાઠવ્યું હતું. આવેદનમાં જણાવ્યું હતું કે તાજેતરમાં બાંગ્લાદેશના ચુંટાયેલા વડાપ્રધાને આપેલ રાજીનામુ અને દેશ છોડ્યા બાદ ત્યાં અરાજકતાવાદી તત્વોનું વર્ચસ્વ વધી ગયું છે. કાયદો અને વ્યવસ્થા સંપૂર્ણપણે બિનઅસરકારક બની ગઈ છે. ઉગ્રવાદી જેહાદી તત્વોએ હિન્દુ સમાજ પર મોટા પાયે જુલમ શરૂ કર્યો છે. મહીલાઓ પર અત્યાચારો, બાળકો ઉપર જુલ્મો થઈ રહ્યા છે. ધાર્મિક સ્થળો, વેપારી સંસ્થાઓ, હિન્દુઓનાં ઘરોને નુકસાન થયું છે. કટ્ટરવાદીઓના નિશાનમાંથી સ્મશાન પણ બચ્યા નથી. બાંગ્લાદેશમાં ભાગ્યે જ કોઈ એવો જીલ્લો હશે કે જે હિંસા અને આતંકનો ભોગ ન બન્યો હોય. સમયાંતરે થતાં આવા તોફાનોને લીધે વિભાજન સમયે બાંગ્લાદેશમાં ૩૨% હિન્દુઓ હતા. તે માત્ર ૮% રહ્યા છે. જે બચ્યા છે તેઓ પણ સતત જેહાદી ઉત્પીડનનો શિકાર બની રહ્યા છે. અત્યંત ચિંતાજનક સ્થિતિમાં બાંગ્લાદેશમાં લઘુમતીઓની સુરક્ષા અને માનવાધિકારો માટે અસરકારક પગલાં લેવાની જવાબદારી વિશ્વ સમુદાયની છે. ભારતે પરંપરાગત રીતે વિશ્વભરના ઉત્પીડીત અને વિસ્થાપિત લોકોને મદદ કરી છે. ત્યારે બાંગ્લાદેશમાં હિન્દુઓની સુરક્ષા માટે તમામ સંભવિત પગલાં ભરવા માંગ કરી છે.

## કોડીનાર તાલુકાના દુદાણા ગામે વાડીમાંથી દીપડો પાંજરે પુરાયો



(મુગલ અલ્તાફ દ્વારા)

કોડીનાર તા.૧૩

કોડીનાર શહેરની તદ્દન નજીક આવેલા દુદાણા ગામે વાડીમાં વનવિભાગે મુકેલા પાંજરામાં દીપડો પુરાતા વાડી વિસ્તારના લોકોએ દીપડાના આતંકમાંથી રાહતનો શ્વાસ લીધો છે. કોડીનાર તાલુકાના દુદાણા ગામ આસપાસ દીપડાએ વસવાટ શરૂ કર્યો હોય અને આ દીપડો વારંવાર વાડી વિસ્તારમાં આવી ચઢી શિકાર કરતો હોય ત્યારે બે દિવસ પૂર્વે ગામના કિશનસિંહ હિંમતસિંહ રાઠોડની વાડીએ આવી વાછરડીનું મારણ કરતા ખેડૂતોમાં દીપડાનો ભારે આતંક છવાતા વાડી માલિકે વનવિભાગને જાણ કરતા અને આસપાસના વિસ્તારોમાં માનવીઓ ઉપર હુમલાઓ કરે તે પહેલા તેને પકડી પાડવા વન વિભાગને જાણ કરતા વન વિભાગ દ્વારા આ દીપડાને પકડી પાડવા દુદાણા ગામે કિશનસિંહ હિંમતસિંહ રાઠોડની વાડીમાં પાંજરૂ મુકતા ગત રાત્રે દીપડો પાંજરામાં પુરાઈ જતા વાડી માલિકે દીપડો પુરાઈ ગયો હોવાની વન વિભાગને જાણ કરતા વન વિકભાગના ફોરેસ્ટર શક્તિસિંહ રાયજાદા, અંકિતસિંહ અને રાઠોડભાઈએ ઘટનાસ્થળે દોડી જઈ દીપડાનું નિરીક્ષણ કરતા આ માદા દીપડો ૫ વર્ષથી નાનો નો હોવાનું જણાયું હતું. વન વિભાગ દ્વારા આ ખુંખાર દીપડાને જામવાળા રેન્જ ખાતે મોકલી આપવામાં આવેલ છે.

## દ્વારકાના ગુગ્ગુળી બ્રાહ્મણ સમાજની દીકરીએ ડોક્ટરની ડિગ્રી પ્રાપ્ત કરી વર્ષો પહેલા પિતાના અવસાન સમયે લીધેલી પ્રતિજ્ઞા કરી પૂર્ણ



(પ્રતિનિધિ દ્વારા)

દ્વારકા તા.૧૩

દ્વારકાના દ્વારકાધીશ જગત મંદિરમાં સેવા,પૂજા અને યજમાનવૃત્તિ કરનાર શ્રી ગુગ્ગુળી બ્રાહ્મણ જ્ઞાતિ સમાજના જયશ્રીબેન તથા સ્વ.સંજયકુમાર ઉપાધ્યાયની પુત્રી ડો.દિપાલીબેન સંજય કુમાર ઉપાધ્યાયે હાલમાં બેચલર ઓફ હોમિયોપેથીક મેડિસિન એન્ડ સર્જરી(BHMS)ની ડિગ્રી પ્રાપ્ત કરી ગુગ્ગુળી બ્રાહ્મણ તથા પરિવારનું નામ રોશન કર્યું છે. વર્ષો પહેલા પિતા સ્વ.સંજય કુમાર ઉપાધ્યાય તાત્કાલિક સારવાર માટે જામનગર હોસ્પિટલ સુધી પહોંચી ન શક્યા ત્યારે પિતાના અવસાન સમયે પાંચ માં ધોરણમાં અભ્યાસ કરનાર દિપાલીબેને પ્રતિજ્ઞા કરી હતી કે હું ડોક્ટર બની સમાજને મદદ કરીશ. પોતાની પ્રતિજ્ઞાને આજે સાર્થક કરી પિતા તેમજ સમગ્ર પરિવારનું સમાજમાં ગૌરવ વધાર્યું છે. દ્વારકા ગુગ્ગુળી બ્રાહ્મણ જ્ઞાતિના વર્તમાન કાર્યકારી પ્રમુખ શ્રી યજ્ઞેશભાઈ ઉપાધ્યાય તેમજ કાનૂની સલાહકાર સમિતિ પ્રમુખ શ્રી પ્રદીપભાઈ ઉપાધ્યાયના સ્વર્ગસ્થ ભાઈ સ્વ. સંજયભાઈ ઉપાધ્યાય ના પુત્રી દિપાલીબેન જે ગુગ્ગુળી બ્રાહ્મણ સમાજનું આજે ગૌરવ બન્યા છે.

## જૂનાગઢમાં શહીદોની પ્રતિમા સ્વચ્છતા કાર્યક્રમ યોજાયો





(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૧૩

સ્વામી વિવેકાનંદ ગુજરાત રાજ્ય યુવા બોર્ડ જૂનાગઢ મહાનગર દ્વારા શહીદોની પ્રતિમા સ્વચ્છતા કાર્યક્રમ અંતર્ગત વોર્ડ નંબર-૯-૧૦-૧૫ -કાળવાચોક ખાતે કાડવા ઓડેદરા સ્વામી વિવેકાનંદ સરદાર વલ્લભભાઈ પટેલ કાર્યક્રમમાં પુર્વ કોર્પોરેટર જીવાભાઈ સોલંકી, ઝોન સંયોજક મેહુલભાઈ ડોડીયા, યુવા મોરચા પ્રમુખ વિનસભાઈ હદવાણી, પ્રદેશ કારોબારી સભ્ય ચિરાગભાઈ શેઠિયા, મહામંત્રી અભયભાઈ રાબડીયા, પરાગભાઈ રાઠોડ, મહાનગર સંયોજક કેવિનભાઈ અકબરી, વોર્ડ સંયોજક કેતન નાંઢા, રેનિશભાઈ ભટ્ટી, યોગેશભાઈ જેઠવા, અનિલભાઈ રાઠોડ, મયુરભાઈ બોઘરા, યશભાઈ ગરચર, નિલેશભાઈ નાનેરા, પિયુષભાઈ ગઢવી, પ્રિન્સભાઈ હુણ, ભાવેશભાઈ પોશીયા, વિજયભાઈ વાઢેર, અજયભાઈ સોમાણી, ભાવેશભાઈ મોરી, વિકાસભાઈ પીપલીયા તથા યુવાનો મિત્રો યુવા મોરચાના કાર્યકર્તા વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

## માણાવદર આરએફઓએ લાકડા કાપતા બે શખ્સોને ઝડપ્યા



(પ્રતિનિધી દ્વારા)

માણાવદર તા.૧૩

સામાજિક વનીકરણ રેન્જ માણાવદરના રેન્જ ફોરેસ્ટ ઓફિસર એ.એ.ચાવડા દ્વારા માણાવદર રાઉન્ડમાં ફિલ્ડ કરતા ફિલ્ડ દરમ્યાન બે ઈસમો સંકાસ્પદ લાગતા તેઓ દ્વારા પૂછતાછ કરેલ જ્યારે સદરહુ આરોપી પર સંકા જતા આર.એફ.ઓ સાહેબે રેકી કરતા ૨ ઈસમોને લાકડા કાપતા જોયેલ ત્યારે તુરંતજ આર.એફ.ઓએ બંને આરોપીને રેકી કરી પકડી પડેલ ત્યારે તેઓ પાસેથી ચેઈન શો મશીન (લાકડા કાપવાનું મશીન) કુહાડી તથા ફેંસલો (સસલા પકડવાની ઝાળ ) મુદ્દા માલ જપ્ત કરી આગળની કાર્યવાહી હાથ ધરેલ.

**અવસાન નોંધ/બેસણું**

જૂનાગઢ સોરઠીયા વાણંદ સ્વ. વજીબેન સિદીભાઈ ચુડાસમા (ઉ.વ.૧૦૩) તે બાબુભાઈ ચુડાસમાનાં માતુશ્રી તેમજ પ્રફુલભાઈ ચુડાસમા (પ્રિન્સ )નાં દાદીમાંનું તા. ૧૨/૮/૨૦૨૪નાં રોજ અવસાન થયેલ છે. સદગત નું બેસણું તા૧૫/૮/૨૦૨૪ના રોજ હાટકેશ્વર મંદિર ખાતે બપોરે ૫ થી ૬ રાખવામાં આવેલ છે.

## પુજ્ય નિલકંઠ સ્વામીએ અમદાવાદ નવનિર્મિત વિદ્યાર્થી ભુવનની શુભેચ્છા મુલાકાત લીધી



(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૧૩

પુજ્ય નિલકંઠ સ્વામી એ અમદાવાદ ખાતે શ્રી રાજગોર બ્રાહ્મણ જ્ઞાતિ સેવા સંચાલિત સ્વ.ધીરજલાલ લક્ષ્મણભાઈ તેરૈયા વિદ્યાર્થી ભુવનની મુલાકાતે પધારેલ હતા. પૂજ્ય નિલકંઠ સ્વામીજીએ ખૂબ જ રાજીપો વ્યકત કરેલ હતો. સ્વામીજી સાથે અમદાવાદ વિભાગીય પ્રમુખ રાજનભાઈ મહેતા, કારોબારી ધનસુખભાઈ મહેતા તેમજ સુરતથી ભાનુશંકરભાઈ તેરૈયા પણ સાથે રહેલ હતા. પુજ્ય નિલકંઠ સ્વામીએ સંઘના મહામંત્રી સંજયભાઈ દવે સાથે ટેલીફોનીક વાત કરી આવું વિદ્યાર્થીઓને અદ્યતન સુખ સગવડતા વાળુ વિદ્યાર્થી ભુવન બનાવી સમાજને અર્પણ કરવા બદલ ખુબ રાજીપો વ્યક્ત કરી આશીર્વાદ પાઠવેલ હતા. અમદાવાદ વિદ્યાર્થી ભુવનના ગૃહપતિ અશોકભાઈ માઢકે સ્વામીજીને આવકારી આશીર્વાદ પ્રાપ્ત કરેલ હતા. આ તકે અરવિંદભાઈ રવિયા, પ્રમુખ શ્રી અમદાવાદ રાજગોર બ્રાહ્મણ જ્ઞાતિ સેવા સમિતિ તથા નિલેશભાઈ પરસુરામભાઈ બોરીસાગર તથા વસંતભાઈ તેરૈયા(ગાંધીનગર) તથા ઉપરોક્ત ઉપસ્થિત રહેલ હતા.

### નાની ઘંસારી ગામે શિવ મંદિરે વિવિધ શણગારો કરવામાં આવ્યા



(પ્રતિનિધી દ્વારા)

કેશોદ તા.૧૩

પવિત્ર શ્રાવણ માસમાં શિવાલયોમાં હર હર મહાદેવના નાદ સાથે પુજા અર્ચના આરતી સાથે વિવિધ શણગારો સજી ભકિતભાવ સાથે ભોળાનાથની આરાધના કરવામા આવી રહી છે. ત્યારે કેશોદ તાલુકાના નાની ઘંસારી ગામે આવેલ શિવ મંદિરે દિપમાળા પુષ્પ આસોપાલવ સહીતથી શણગારો સજી ભોળાનાથની ભાવપૂર્વક શ્રાવણ માસની ઉજવણી કરવામાં આવી રહી છે .

## વિશ્વ અંગદાન દિવસ




માહિતી અનુસાર, દર મિલિયન વસ્તીએ માત્ર એક જ દાતા ઉપલબ્ધ છે. તેથી, અંગદાનના મહત્વ વિશે જાગૃતિ લાવવા માટે, વિશ્વ અંગદાન દિવસ ૧૩મી ઓગસ્ટના રોજ વિશ્વભરમાં મનાવવામાં આવે છે.અંગદાનને પ્રોત્સાહિત કરવા અને ટ્રાન્સપ્લાન્ટની જરૂર હોય તેવા લોકો અને ઉપલબ્ધ દાતાઓ વચ્ચેના અંતરને દૂર કરવા માટે ભારત સરકાર એક મોટું અભિયાન, "આંગદાન જન જાગૃતિ અભિયાન" (અંગ દાન પર જન જાગૃતિ અભિયાન) શરૂ કરી રહી છે.ચાર અલગ અલગ પ્રકારો છે: જીવંત દાન, મૃત દાન, પેશી દાન અને બાળરોગ દાન. અંગ પ્રત્યારોપણની સૂચિમાં ઘણા લોકો માટે વાસ્તવિકતા એ છે કે રાહ લાંબી અને અનિશ્ચિત હોઈ શકે છે. જીવંત દાન એ એક પ્રકારનું અંગ દાન છે જે ટ્રાન્સપ્લાન્ટ ઉમેદવારો માટે બીજી પસંદગી આપે છે. રોનાલ્ડ લી હેરિક પોતાના અંગનું દાન કરનાર પ્રથમ વ્યક્તિ હતા. ૧૯૫૪ માં, તેમણે તેમની કિડની તેમના જોડિયા ભાઈને સૂચવી અને ડોક્ટર જોસેફ મુરે ડોક્ટર હતા જેમણે આ સફળ અંગ પ્રત્યારોપણ પ્રક્રિયા હાથ ધરી હતી.

**મૃત્યું પછી કયા અંગોનું દાન કરી શકાય ?**

મૃત્યું પછી કિડની, લીવર, ફેફસાં, હૃદય, સ્વાદુપિંડ, આંતરડા, હાથ અને ચહેરોનું દાન કરી શકાય છે.

# જૂનાગઢ જીલ્લા કલેકટર અનીલકુમાર રાણાવસિયા અને કમિશ્નર ડો.ઓમ પ્રકાશના વરદ હસ્તે રાષ્ટ્રધ્વજનું શહેરીજનોને વિતરણ



## જૂનાગઢ શહેરના નાગરિકોને હર ઘર તિરંગા અભિયાનમાં સહભાગી થવા અનુરોધ કરતા કલેકટર અને કમિશ્નર

જૂનાગઢ, તા.૧૩

જૂનાગઢ મહાનગર પાલિકા દ્વારા "હર ઘર તિરંગા" અભિયાન અંતર્ગત જૂનાગઢ મહાનગર સેવા સદન ખાતે કલેકટર અનીલકુમાર રાણાવસિયા અને કમિશનર ડો.ઓમ પ્રકાશના વરદ હસ્તે તેમજ નાયબ કમિશનર એ.એસ.ઝાંપડા, અધિકારીઓ તથા કર્મચારીઓની ઉપસ્થિતિમાં શહેરીજનોને બહોળી સંખ્યામાં રાષ્ટ્ર ધ્વજનું વિતરણ કરવામાં આવ્યું હતું.

આ તકે કલેકટર દ્વારા જણાવવામાં આવ્યું હતું કે જૂનાગઢ શહેરના નાગરિકોને રાષ્ટ્રધ્વજને પોતાના મકાન, દુકાન સહિતના સ્થળોએ લહેરાવી હર ઘર તિરંગા અભિયાનમાં સહભાગી બનવા તેમજ દેશની આન,બાન અને શાન એવા રાષ્ટ્રધ્વજ ફેહરાવતી વખતે તિરંગાનું માન, સન્માન અને ગરિમા જળવાઈ રહે તેની વિશેષ તકેદારી લેવા પણ અપીલ કરી હતી. જૂનાગઢમાં સ્વાતંત્ર્ય દિન પૂર્વે તા.૧૪ ઓગસ્ટના રોજ સાંજે ૫ કલાકે યોજાનાર તિરંગા યાત્રામાં સહભાગી થવા નાગરિકોને અપીલ કરતાં જણાવ્યું કે, બહાઉદ્દીન કોલેજથી જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીના સભા ગૃહ સુધી તિરંગા યાત્રા યોજાશે. જેમાં પોલીસ જવાનો, બાઈક સવાર, બેન્ડ એનસીસી કેડેટ સહિતના લોકો જોડાશે. તેમ જણાવતા કલેકટર અને કમિશનર દ્વારા જૂનાગઢના શહેરીજનોને પણ આ યાત્રામાં જોડાવા માટે અનુરોધ કરવામાં આવ્યો હતો.

### જૂનાગઢમાં તિરંગા યાત્રાનું શાનદાર આયોજન

# જૂનાગઢનાં અધિકારી-પદાધિકારીઓ સાથે નગરજનો યાત્રામાં સહભાગી થશે

## સ્વાતંત્ર્ય પર્વ અને તિરંગા યાત્રાનું સુચારૂ આયોજન થઈ શકે તે માટે જૂનાગઢ કલેકટર કચેરી ખાતે જીલ્લા કલેકટર અનિલકુમાર રાણાવસિયાના અધ્યક્ષસ્થાને એક બેઠક યોજાઈ



જૂનાગઢ, તા.૧૩

રાષ્ટ્રીય પર્વ, સ્વાતંત્ર્ય દિનની ઉજવણીનાં ભાગરૂપે જૂનાગઢ શહેર અને ગ્રામ વિસ્તારમાં ઉત્સાહ અને ઉમંગભેર હર ધર તિરંગાની ઉજવણીઓ થઈ રહી છે ત્યારે જૂનાગઢમાં સ્વાતંત્ર્ય પર્વ અને હર ઘર તિરંગા યાત્રાની ઉજવણી થશે. સ્વાતંત્ર્ય પર્વ અને તિરંગા યાત્રાનું સુચારૂ આયોજન થઈ શકે તે માટે જૂનાગઢ કલેકટર કચેરી ખાતે જિલ્લા કલેકટર અનિલકુમાર રાણાવસિયાના અધ્યક્ષસ્થાને એક બેઠક યોજાઈ હતી. કલેક્ટરે રાષ્ટ્રીય પર્વના સુચારૂ આયોજન માટે સંબંધકર્તા અમલીકરણ અધિકારીઓને આવશ્યક સૂચનાઓ અને માર્ગદર્શન આપ્યુ હતુ. કલેક્ટરે રાષ્ટ્રધ્વજની ગરિમા જળવાઈ રહે તેની ખાસ કાળજી લેવા માટે પણ સૂચનાઓ આપી હતી. સ્વાતંત્ર્ય દિન પૂર્વે આવતીકાલ તા.૧૪ ઓગસ્ટ, ૨૦૨૪ને બુધવારના રોજ સાંજે ૪-૦૦ કલાકે જૂનાગઢ સ્થિત બહાઉદ્દીન કોલેજ ખાતેથી જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી તિરંગા યાત્રા નીકળશે. જેમા ૫૦૦૦ થી વધુ લોકો જોડાશે. આ યાત્રામાં સાધુ સંતો, પદાધિકારીઓ, વિદ્યાર્થીઓ, પોલીસ જવાનો, રમતવીરો વિવિધ એસોસિએશન ઉત્સાહભેર જોડાશે. આ તિરંગા યાત્રાની સાથે વિદ્યાર્થીઓ દ્વારા સાંસ્કૃતિક કૃતિઓ રજૂ થશે. તિરંગા યાત્રા પૂર્ણ થયા બાદ સાંજના જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીના સરદાર પટેલ સભા ગૃહ ખાતે દેશભક્તિ સભર સંગીત કાર્યક્રમ યોજવામાં આવશે. બેઠકમાં જિલ્લા પંચાયત પ્રમુખ હરેશભાઈ ઠુંમર, ધારાસભ્ય ભગવાનજીભાઈ કરગઠીયા, દેવાભાઈ માલમ, અગ્રણી પ્રમુખ પુનિતભાઈ શર્મા, જિલ્લા વિકાસ અધિકારી નીતિન સાંગવાન, નિવાસી અધિક કલેકટર એન.એફ. ચૌધરી સહિતના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. અત્રે ઉલ્લેખનિય છે કે ૧૪મી ઓગષ્ટે સાંજે ૪-૦૦ કલાકે બહાઉદ્દીન કોલેજ પરિસરથી પ્રસ્થાન થનાર તિરંગા યાત્રામાં રાજયનાં કૃષિ, પશુપાલન, ગૌ-સંવર્ધન, મત્સ્યોદ્યોગ, ગ્રામ-ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ કેબીનેટ મંત્રી અને જિલ્લા પ્રભારી રાઘવજીભાઈ પટેલ, જિલ્લા પંચાયતનાં પ્રમુખશ્રી હરેશભાઈ ઠુમર, સાંસદ સદસ્ય રાજેશભાઈ ચુડાસમા, ધારાસભ્ય સંજયભાઈ કોરડીયા, ભગવાનજીભાઈ કરગઠીયા, દેવાભાઈ માલમ, અરવંદભાઈ લાડાણી સહિત મહાનુભાવો ઉપસ્થિત રહેશે. તેમ જિલ્લા વહીવટી તંત્રની યાદીમાં જણાવાયુ છે.

# ભક્તકવિ નરસિંહ મહેતા યુનિ. એન.એસ.એસ. સેલ દ્વારા પી.એફ.એમ.એસ. કાર્યશાળા યોજાઈ

## વિદ્યાર્થીઓમાં સર્જનશક્તિ-સૃજજન શક્તિ લોકહિત માટે કાર્યરત બને તેવો ભાવ પ્રગટે તેવુ ગિરનારની ગોદમાં કર્મ કરી રહ્યા છીએ એ અહોભાગ્ય : પ્રો.(ડો.) ચેતન ત્રિવેદી



જૂનાગઢ, તા.૧૩

ભક્તકવિ નરસિંહ મહેતા યુનિ. જૂનાગઢનાં રાષ્ટ્રીય સેવા યોજના સેલ દ્વારા યુનિ.નાં કાર્યક્ષેત્રીય ચારેય જિલ્લાઓમાં કાર્યરત કોલેજોમાં ચલાવાતા એન.એસ.એસ.નાં પ્રોગ્રામ ઓફીસરોને પી.એફ.એમ.એસ. તાલીમ કાર્યશાળાનું આયોજન યુનિ.નાં કુલપતિ પ્રો.(ડો.) ચેતન ત્રિવેદીની અધ્યક્ષતામાં કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમને દિપ પ્રાગટ્યથી પ્રારંભ કરાવી કુલપતિશ્રી પ્રો.(ડો.) ચેતન ત્રિવેદીએ ઉપસ્થિત પ્રોગ્રામ ઓફીસરશ્રીઓને સંબોધતા જણાવ્યુ હતુ કે માળખાગત અભ્યાસક્રમોની સાથે-સાથે સ્કીલ બેઈઝ અભ્યાસક્રમો દ્વારા વિદ્યાર્થીઓમાં હોલેસ્ટીક એપ્રોચ ડેવલપ થાય તે પણ જરૂરી છે. એકેડેમીક બેંક ઓફ ક્રેડીટનાં સુત્ર મૂજબ વિદ્યાર્થીઓ યુનિ.ઓમાં અભ્યાસ લક્ષી જ્ઞાનનૂં આદાનપ્રદાન થાય અને અભ્યાસ માળખાને અનુરૂપ તેમનાં વ્યક્તિત્વનું પણ ઘડતર થાય તે દિશામાં કેળવણી થવી આવશ્યક છે. સર્જનશક્તિ-સૃજ્જન શક્તિ લોકહિત માટે વિદ્યાર્થીઓમાં કાર્યરત બને તેવો ભાવ પ્રકટે તેવુ ગિરનારની ગોદમાં કર્મ કરી રહ્યા છીએ એ અહોભાગ્ય છે. સ્વાવલંબી ભારત અભિયાનનાં ભાગ રૂપ પ્રો. ત્રિવેદીએ યોજનાની જાહેરાત કરી હતી. આ તકે સેન્ટર યુનિ.નાં સિસ્ટમ એનાલીસ્ટ પરમાર, સેન્ટર યુનિ.નાં સહાયક રજીસ્ટ્રાર શમશેરસિંઘ, યુ.ડી.સી. હરિચંદ્રભાઈએ પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન દ્વારા ભક્ત કવિ નરસિંહ મહેતા યુનિ. તાબા તળેની વિવિધ કોલેજોમાં ફરજરત એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફીસરોને પી.એફ.એમ.એસ. ની તાલીમ આપી હતી. કાર્યક્રમનાં પ્રારંભે ડો. કપુરીયાએ પી.એફ.એમ.એસ. અંગે માર્ગદર્શન આપ્યુ હતુ. યુનિ.નાં કુલસચિવ ડો. ડી.એચ. સુખડીયાએ સૌ તાલીમાર્થી પ્રોગ્રામ ઓફીસરોને રાષ્ટ્રીય સેવા યોજનાનું ફલક છેવાડાનાં અંત્યોદય સુધી વિસ્તરે એવી શુભકામનાં વ્યક્ત કરી હતી. કેશોદ એન.પી.આર્ટસ કોલેજમાં એન.એસ.એસ. ક્ષેત્રે દિર્ઘકાલીન સેવા આપી ચુકેલ પ્રા. જે. એમ. પટેલનું કુલપતિએ પુષ્પગુચ્છ અને શાલ અર્પણ કરી બહુમાન કર્યુ હતું. આ પ્રસંગે વિવિધ ડિપાર્ટમેન્ટનાં વડા પણ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમનું સફળ સંચાલન ડો. પરાગ દેવાણીએ સંભાળ્યુ હતુ. કાર્યક્રમનું આભાર દર્શન ઉના આર્ટસ કોલેજનાં પ્રિન્સીપાલ પ્રો.(ડો.) લીલીત બારૈયાએ કર્યુ હતું.

## શ્રી સોરઠીયા વાણંદ જ્ઞાતિ દ્વારા સરસ્વતી સન્માન સમારોહનું આયોજન

જૂનાગઢ, તા.૧૩

જૂનાગઢ શ્રી સોરઠીયા વાણંદ જ્ઞાતિ દ્વારા આગામી તા.૧૭/૮/૨૦૨૪નાં રોજ સારી ટકાવારીથી પાસ થયાં હોય તેવાં સોરઠીયા વાણંદ જ્ઞાતિનાં છાત્રોને પ્રોત્સાહિત કરવાનાં ભાગરૂપે શ્રી સરસ્વતી સન્માન સમારોહનું આયોજન કરવામાં આવેલ છે. આ કાર્યક્રમ ગાંધીગ્રામ ખાતે આવેલ આઈ. એમ. એ. હોલમાં રાખવામાં આવેલ છે. આથી જૂનાગઢ શહેર તેમજ પરાવિસ્તારમાં રહેતા સોરઠીયા વાણંદ જ્ઞાતિએ સહ પરિવાર આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા પ્રમુખ બિપિનભાઈ ભટ્ટી, રાજુભાઈ ચુડાસમાએ જણાવેલ છે.

# બહાઉદ્દીન સરકારી વિનયન કોલેજ ખાતે રાષ્ટીય ગ્રન્થપાલ દિવસની ઉજવણી



જૂનાગઢ, તા.૧૩

તા. ૧૨ ઓગસ્ટ એટલે રાષ્ટ્રીય ગ્રંથપાલ દિવસ. ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાનના પિતા તરીકે જાણીતા ડો.એસ.આર. રંગનાથનના જન્મ દિવસને રાષ્ટ્રીય ગ્રંથપાલ દિવસ તરીકે ઉજવવામાં આવે છે. આજે તારીખ ૧૨/૮/૨૦૨૪ના દિવસે જૂનાગઢની ઐતિહાસિક બહાઉદ્દીન સરકારી વિનયન કોલેજમાં રાષ્ટ્રીય ગ્રંથપાલ દિવસની ઉજવણી કરવામાં આવી હતી જે અંતર્ગત કૉલેજના ગ્રંથાલય વિભાગમાં ગ્રંથપાલ એ. સી. વાઘેલા દ્વારા પુસ્તક પ્રદર્શનનું આયોજના કરવામાં આવ્યું હતું. જૂનાગઢની ઐતિહાસિક બહાઉદ્દીન કોલેજમાં અમુલ્ય કહી શકાય તેવું ગ્રંથાલય આવેલું છે, અત્યંત દુર્લભ પુસ્તકો અહીંયા ઉપલબ્ધ છે, હસ્તલીખીત પ્રતો અને સુવર્ણથી મઢેલા ટાઈટલ વાળા દુર્લભ પુસ્તકોનો ઉપયોગ કરીને વિદ્યાર્થીઓ આ પુસ્તકરૂપી અમુલ્ય વારસાને જાણે તથા તેના અભ્યાસમાં ઉપયોગ કરે તે હેતુથી ગ્રંથપાલ દિવસ નિમિતે પુસ્તક પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું હતું. કૉલેજના અધ્યાપકો અને વિદ્યાર્થીઓએ પુસ્તક પ્રદર્શનનો લાભ લીધો હતો. આ કાર્યક્રમના સફળ આયોજન બદલ કૉલેજના આચાર્ય ડો.પી.વી.બારસિયા સાહેબ દ્વારા ગ્રંથપાલ એ.સી.વાઘેલા તથા સમગ્ર ગ્રંથાલય સ્ટાફને અભિનંદન પાઠવવામા આવ્યા હતા.

# અદાણી ફાઉન્ડેશનના ૨૮માં સ્થાપના દિનની સમાજોપયોગી ઉજવણી યાદગાર બની

## શિક્ષણ, આરોગ્ય રોજગારી અને પર્યાવરણ ક્ષેત્રે અનોખું યોગદાન




અમદાવાદ, તા.૧૩

અદાણી ફાઉન્ડેશનના સ્થાપના દિવસની યાદગાર ઉજવણી કરવામાં આવી હતી. ૨૮ વર્ષની સફળ સફરના કાર્યક્રમ અંતર્ગત ૧૧ ઓગસ્ટથી એક સપ્તાહ સુધી દરરોજ વૃક્ષારોપણ, કિશોરી ઉત્કર્ષ, અન્ન ફૂડ ફેસ્ટિવલ,પશુ આરોગ્ય, હેલ્થ કેમ્પ, જોબ ઓફર અને પ્લેસમેન્ટ, સિંચાઈ જેવી વિવિધ સમાજોપયોગી પ્રવૃત્તિઓ યોજવામાં આવી હતી.આ પ્રસંગે માંડવીના ધારાસભ્ય અનિરૂધ્ધભાઈ દવે, **APSEZ**ના એક્ઝિક્યુટિવ ડાયરેક્ટર રક્ષિતભાઈ શાહ, જિલ્લા શિક્ષણ સમિતિના ચેરમેન વિરમભાઈ ગઢવી સહિત મહાનુભાવોએ સૌને અભિનંદન પાઠવ્યા હતા. અદાણી ફાઉન્ડેશનની ૨૮મી વર્ષગાંઠની સાપ્તાહિક ઉજવણીનો પ્રારંભ મુંદ્રાના બોરાણા ગામમાં ૧૪,૦૦૦ વૃક્ષોનું વાવેતર કરી કરવામાં આવ્યો હતો.પશુધનના આરોગ્ય માટે પ્રવૃત્ત ફાઉન્ડેશને જિલ્લા પશુ આરોગ્ય વિભાગના સહયોગથી ૨૫,૦૦૦થી વધુ પશુઓનાં રસીકરણ ઝુંબેશનો પ્રારંભ કરાવ્યો હતો. કિશોરી ઉત્કર્ષ પહેલ અંતર્ગત૮ ગામોની શાળાઓમાં **pink Toilet** બનાવવાના શુભારંભથી કરવામાં આવ્યો હતો.મોટી ખાખરની શાળામાં મામલતદાર કલ્પનાબેન ગોરડીયાની ઉપસ્થિતિમાં તેનું ખાતમુહર્ત કરાવવામાં આવ્યું હતું. **“Pink Toiletfor girls”** એ ગુજરાતની પ્રથમ અને અનોખી પહેલ છે. જેનો મુખ્ય હેતુ કિશોરીઓ માસિકધર્મનો શરમને બદલે સ્વીકાર કરી સ્વચ્છતા રાખેઅને સંક્રામક રોગોથી બચે તેવો છે.પર્યાવરણ જાગૃતિ માટે ૭૦ ઉત્થાન શાળાઓના ૧૧,૦૦૦ વિદ્યાર્થીઓમાં ઈકો-કલબ પ્રવૃતિઓ પણ શરૂ કરવામાં આવી છે. શ્રી અન્ન ફૂડ ફેસ્ટિવલ અંતર્ગત આયોજીત વર્કશોપમાં મહિલાઓ સાથે મિલેટના મહત્વ વિશે વાર્તાલાપ યોજવામાં આવ્યો હતો. આ સાથે અદાણી ફાઉન્ડેશન દ્વારા પરિવર્તનના પ્રવાસની સમીક્ષા માટે બેઠકયોજીવધુ પ્રભાવશાળી પરિણામો મેળવવા નવા લક્ષ્યો નક્કી કરવામાં આવ્યા હતા. અદાણી વિદ્યામંદિર ભદ્રેશ્વરના ૨૮ પૂર્વ વિદ્યાર્થીઓને અદાણી ગ્રૂપમાં રક્ષિતભાઈ શાહની ઉપસ્થિતીમાં રોજગારી માટેના ઓફર લેટર આપવામાં આવ્યા હતા. તો લૂણી સ્થિતજીસ્ત્ન સ્કૂલમાં ૩૪માછીમાર પરિવારોસહિત જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને ઉચ્ચતર શિક્ષણ માટે સ્કોલરશિપ આપવામાં આવી હતી. નખત્રાણાના રસલિયા ગામમાં મલ્ટી સ્પેશિયલિટી હેલ્થ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું, જેમાં ગાયનેક, બાળરોગ અને આંખોના નિષ્ણાતોદ્વારા તબીબી સેવાઓ પૂરી પાડવામાં આવીહતી. મુખ્ય મહેમાન કચ્છના હૃઉૅં ડૉ. આર.આર.ફૂલમાલિએ મેડિકલ સહાય અને આરોગ્ય સેવાઓ માટે ઉપલબ્ધ સરકારી યોજનાઓની માહિતી આપી હતી.

અબડાસા અને લખપત તાલુકામાં પ્રોજેક્ટ ઉત્થાન અંતર્ગત બે હાઈસ્કૂલોમાં ત્રણ ઉત્થાન સહાયકોની નિમણૂંક કરવામાં આવી અને ત્રણ ગામોમાં અદાણીઈવનીંગ સેન્ટરો શરૂ કરવામાં આવ્યા હતા.આ પ્રસંગે બાલવાટિકા અને ધોરણ-૧ના વિદ્યાર્થીઓને શૈક્ષણિક કીટ વિતરણ કરવામાં આવી હતી. છેલ્લા ૨૮ વર્ષથી અદાણી ફાઉન્ડેશન શિક્ષણ, આરોગ્ય, સાતત્યપૂર્ણ આજીવિકા ઉપાર્જન, જળસંગ્રહ તથા જૈવવિવિધતાના ક્ષેત્રેઅનોખુ યોગદાન આપી રહ્યુ છે. ૧૧ ઓગસ્ટે સ્થાપના દિવસ નિમિત્તે વિવિધ પ્રવૃતિઓ દ્વારા કચ્છના આ સપ્તાહને યાદગાર બનાવવામાં આવ્યો હતો.

# જીલ્લા કલેક્ટર દિગ્વિજયસિંહ જાડેજા પોતાના નિવાસસ્થાને તિરંગો લહેરાવી ‘હર ઘર તિરંગા’ અભિયાનમાં સહભાગી થયા

## તિરંગો આપણી આન, બાન અને શાનનુ પ્રતિક છે : કલેક્ટર

(પ્રતિનિધિ દ્વારા)

પ્રભાસ પાટણ, તા.૧૩



વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણા અને મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ સમગ્ર રાજયભરમાં ચાલી રહેલા ‘હર ઘર તિરંગા’ અભિયાન અંતર્ગત કલેક્ટર દિગ્વિજયસિંહ જાડેજા વેરાવળ ચોપાટી ખાતે આવેલા પોતાના નિવાસસ્થાને તિરંગો લહેરાવીને આ અભિયાનમાં સહભાગી થયા હતાં. ‘હર ઘર તિરંગા’માં સહભાગી થતાં કલેક્ટરે દેશની આન, બાન અને શાન એવા રાષ્ટ્રધ્વજ ફરકાવતી વખતે તિરંગાનું માન, સન્માન અને ગરિમા જળવાઈ રહે તેની વિશેષ તકેદારી લઈ મકાન, દુકાન સહિતના સ્થળોએ તિરંગો લહેરાવી રાષ્ટ્રભાવનાના પર્વને ઉત્સાહપૂર્વક ઉજવણી કરવાની નાગરિકોને અપીલ કરી હતી. ગીર સોમનાથ જિલ્લાના નાગરિકો પણ ઉત્સાહભેર આ અભિયાનમાં જોડાઈ રહ્યાં છે. જિલ્લાભરમાં ‘હર ઘર તિરંગા’ કાર્યક્રમ અંતર્ગત વિવિધ કાર્યક્રમો યોજવામાં આવી રહ્યા છે. જેમાં તિરંગા સેલ્ફી, તિરંગા શપથ, તિરંગા કેન્વાસ, તિરંગા ટ્રીબ્યુટ, તિરંગા મેળા, અને તિરંગા રન જેવા કાર્યક્રમોનું આયોજન કરવામાં આવી રહ્યું છે.

# જીલ્લા વિકાસ અધિકારી સ્નેહલ ભાપકરે પોતાના નિવાસસ્થાને તિરંગો ફરકાવી રાષ્ટ્રભાવનાના અભિયાનમાં સહભાગી થયા

(પ્રતિનિધિ દ્વારા) પ્રભાસ પાટણ, તા.૧૩

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણાથી બે વર્ષ પહેલા શરૂ કરવામાં આવેલ અને મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ સમગ્ર રાજયભરમાં ચાલી રહેલા ’હર ઘર તિરંગા’ અભિયાન અંતર્ગત જિલ્લા વિકાસ અધિકારી સ્નેહલ ભાપકરે વેરાવળ ચોપાટી ખાતે આવેલા પોતાના નિવાસ સ્થાને તિરંગો લહેરાવીને આ અભિયાનમાં સહભાગી થયા હતાં. તેમણે જણાવ્યું હતું કે, ‘હર ઘર તિરંગા’ અભિયાન અંતર્ગત જિલ્લા પંચાયત દ્વારા વિવિધ ગામોમાં તિરંગા યાત્રા, રંગોળી રેલી જેવા વિવિધ કાર્યક્રમો દ્વારા રાષ્ટ્રચેતનાના પ્રતિક એવા તિરંગા પ્રત્યે માન, સન્માન અને આદરની ભાવના વ્યક્ત કરવામાં આવી રહી છે. જિલ્લા વિકાસ



અધિકારીએ જિલ્લાના વહીવટી તંત્ર સાથે નાગરિક સમાજ પણ આ અભિયાનમાં જોડાય તે માટેની અપીલ કરી હતી.

# ખંભાળિયાના ધરમપુર વિસ્તારમાં મહાદેવ મંદિરના નિર્માણની ખાતમુહૂર્ત વિધિ કરાઈ

(પ્રતિનિધિ દ્વારા) જામ ખંભાળિયા, તા.૧૩



ખંભાળિયા શહેરની નજીક આવેલા ધરમપુર ગ્રામ પંચાયત વિસ્તાર કે જ્યાં જિલ્લા કક્ષાની વિવિધ સરકારી કચેરીઓ આવેલી છે. ત્યારે અહીંના ધરમપુર ગામમાં આહીર સિંહણ માર્ગ પર આવેલી આંબાવાડી પ્રાથમિક શાળા નજીક શ્રી ધરમેશ્વર મહાદેવના મંદિરના નિર્માણની ખાતવિધિ કરવામાં આવી હતી. આ ભૂમિ પૂજન તેમજ ખાત મુહુર્ત વિધિમાં સ્થાનિક અગ્રણી અને જિલ્લા મહામંત્રી રસિકભાઈ નકુમ તથા પરિવારજનો જોડાયા હતા. આ મંદિર નિર્માણની પૂજન વિધિ શાસ્ત્રી ભાવેશભાઈ આરંભડિયા દ્વારા કરવામાં આવી હતી.

# રાજ્યની ગ્રાન્ટેડ સ્કૂલોને ફાયરના સાધનો સરકાર તરફથી પૂરા પાડવા સંચાલકોએ કરી ભલામણ

## સંચાલક મંડળની બેઠકમાં આ અંગે મુખ્યમંત્રીને મળીને આવેદનપત્ર આપવાનો ઠરાવ કરાયા

અમદાવાદ,તા.૧૩

રાજ્યની ગ્રાન્ટેડ સ્કૂલો આર્થિક રીતે સદ્ધર ન હોવાના લીધે ફાયર સેફ્ટીના સાધનો વસાવવામાં તેમની ઉપર મોટું ભારણ આવે તેમ હોવાથી સંચાલક મંડળ દ્વારા મુખ્યમંત્રીને રજૂઆત કરવામાં આવી છે. જેમાં સરકાર દ્વારા કોમ્પ્યુટર અને સ્માર્ટ બોર્ડની જેમ ફાયર સેફ્ટીના સાધનો પણ વસાવી આપે તે માટે ભલામણ કરવામાં આવી છે. પ્રાપ્ત માહિતી અનુસાર, તાજેતરમાં રાજ્ય શાળા સંચાલક મહામંડળની પ્રદેશની કોર કમિટીની બેઠક ગાંધીનગર ખાતે મળી હતી. રાજકોટ અગ્નિકાંડ બાદ ગુજરાત હાઈકોર્ટના સુઓમોટો સંદર્ભે રાજ્યની શૈક્ષણિક સંસ્થાઓમાં બિલ્ડીંગ વપરાશ પ્રમાણપત્ર અને ફાયર NOC સંદર્ભે ચકાસણી કરવામાં આવી હતી. સમગ્ર રાજ્યમાં ૧૦૦૦ શૈક્ષણિક સંસ્થાઓને B.U. પરમીશન તથા ફાયર NOC ન હોવાના પગલે સીલ કરવામાં આવી હતી. જોકે, ત્યારબાદ શૈક્ષણિક સંસ્થાઓના સીલ ખોલી દેવામાં આવ્યા હતા અને હાલમાં આ સંસ્થાઓમાં શૈક્ષણિક કાર્ય ચાલુ હોવાનું જાણવા મળે છે. ગ્રાન્ટેડ શાળાઓને અત્યાર સુધી નિભાવ માટે ચૂકવાતી ગ્રાન્ટ ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ના પરિણામ આધારિત ચુકવાતી હતી, જેના કારણે રાજ્યની ૧૦૦થી વધુ શાળાઓ બંધ થઈ ચુકી છે. જોકે, ત્યારબાદ ગ્રાન્ટનિતીમાં ફેરફાર કરવાની શિક્ષણ વિભાગને ફરજ પડી હતી. આમ, હાલમાં ગ્રાન્ટેડ શાળાઓ પાસે આવકના કોઈ સ્ત્રોત રહ્યા નથી. જેથી આવા સંજોગોમાં ગ્રાન્ટેડ શાળાઓ ચલાવતા મંડળો આર્થિક રીતે સધ્ધર નથી. આમ, રાજ્યની ૯૦ ટકા ગ્રાન્ટેડ શાળાઓ આર્થિક રીતે પોતાનું અસ્તિત્વ ગુમાવવાની તૈયારીમાં છે. આ સંજોગોમાં રાજ્ય શાળા સંચાલક મહામંડળ- ગુજરાત પ્રદેશની કોર કમિટીમાં સર્વ સંમતિથી ઠરાવવામાં આવ્યું કે, રાજ્ય સરકારે તાજેતરમાં રાજ્યની ગ્રાન્ટેડ શાળાઓમાં કોમ્પ્યુટર અને સ્માર્ટ બોર્ડ જેવા શૈક્ષણિક સાધનો વસાવી આપ્યા છે. તે જ રીતે સરકાર ગુજરાતની ગ્રાન્ટેડ શાળાઓમાં અભ્યાસ કરતા આર્થિક અને સામાજિક રીતે પછાત વર્ગોમાંથી આવતા બાળકોનીસલામતી માટે અગ્નિશામક સાધનો વસાવી આપે. આ માટે રાજ્યના મુખ્યમંત્રીને રૂબરૂ મળીને આવેદન આપવાનું નક્કી કરાયું છે.

# ૩ માસ કરતા વધુ સમયથી રજા ઉપર હોય તેવા શિક્ષકોની તપાસના આદેશ

અમદાવાદ, તા.૧૩

રાજ્યમાં તાજેતરમાં બનાસકાંઠાના અંબાજી ખાતે ભૂતિયા શિક્ષકની ફરિયાદ બાદ શિક્ષણ વિભાગ દ્વારા તપાસ શરૂ કરવામાં આવી છે. શિક્ષણ વિભાગ દ્વારા રાજ્યની તમામ સરકારી અને ગ્રાન્ટેડ શાળામાં ફરજ બજાવતાં અને સતત ત્રણ મહિના કરતાં વધુ સમયથી રજા પર હોય તેવા શિક્ષકકર્મચારીઓની વિગતો મેળવવા DEO-DPEOને આદેશ કર્યો છે. પ્રાપ્ત માહિતી અનુસાર, તાજેતરમાં અંબાજી ખાતે શિક્ષીકા અમેરિકા ખાતે રહેતી હોવાની વિગતો સામે આવ્યા બાદ શિક્ષણ વિભાગ દ્વારા તપાસ શરૂ કરવામાં આવી છે. શિક્ષણ વિભાગ દ્વારા રાજ્યના તમામ જિલ્લા શિક્ષણાધિકારી અને જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીઓને સરકારી અને ગ્રાન્ટેડ સ્કૂલોમાં ફરજ બજાવતા હોય અને છેલ્લા ૩ માસ કરતા વધુ સમયથી રજા ઉપર હોય તેવા શિક્ષકોની વિગતો એકત્ર કરવા માટે સુચના આપી છે. સુચનાના પગલે શિક્ષણાધિકારીઓ દ્વારા શિક્ષકોની વિગતો એકત્ર કરવાની કામગીરી શરૂ કરી દીધી છે અને આ વિગતો તપાસ કરીને વિભાગને મોકલી દેવામાં આવશે. ત્યારબાદ વિભાગ દ્વારા આગળની કાર્યવાહી માટે સૂચના અપાશે તેમ સૂત્રોએ જણાવ્યું છે. સમગ્ર રાજયમાં પણ છેલ્લા ૩ માસ કરતા વધુ સમયથી રજા ઉપર હોય તેવા શિક્ષકોની વિગતો એકત્ર કરવામાં આવી રહી છે. જેમાં અત્યાર સુધી સાત જેટલા શિક્ષકો એવા મળ્યા છે કે જેઓ ૩ માસ એટલે કે ૯૦ દિવસ કરતા વધુ સમયથી રજા ઉપર છે. આ સાત શિક્ષકો પૈકી સૌથી ઓછા દિવસથી ગેરહાજર હોય તેવા શિક્ષક ૧૦૦ દિવસથી રજા ઉપર છે, જ્યારે સૌથી વધુ ૨૩૨ દિવસથી એક શિક્ષક રજા ઉપર હોવાનું જાણવા મળે છે. આમ, ૩ માસથી લઈને ૭ માસ કરતા વધુ સમયથી શિક્ષકો રજા ઉપર છે. જ્યારે મહેસાણા જિલ્લામાં પણ ૫ જેટલા શિક્ષકો ૯૦ દિવસ કરતા વધુ સમયથી રજા ઉપર હોવાનું સામે આવ્યું છે.

# બિહાર પોલીસે ગોપાલગંજમાં રૂા.૮૫૦ કરોડની કિંમતનો ૫૦ ગ્રામ શંકાસ્પદ રેડિયો એક્ટિવ પદાર્થ ‘કેલિફોર્નિયમ’ જપ્ત કર્યો; ૩ની ધરપકડ

(એજન્સી) તા.૧૩

બિહારના ગોપાલગંજથી એક ચોંકવનારા સમાચાર સામે આવ્યા છે. પોલીસે યુપી બોર્ડ પાસે આવેલ બેલથરી ચેક પોસ્ટ પાસેથી ત્રણ સ્મગલરોની પાસેથી એક એવો પદાર્થ ઝડપ્યો છે, જેના કારણે સમગ્ર દેશ ચોંકી ગયો છે. માત્ર ૫૦ ગ્રામની કિંમત લગભગ ૮૫૦ કરોડ રૂપિયા છે. જોકે, ગોપાલગંજ પોલીસે ૮૫૦ કરોડ રૂપિયાના આ રેડિયો એક્ટિવ પદાર્થ કેલિફોર્નિયમ સાથે ત્રણ આરોપીઓની ધરપકડ કરી છે. ભારતમાં આ રેડિયો એક્ટિવ પદાર્થની કિંમત ૧૭ કરોડ રૂપિયા પ્રતિ ગ્રામ છે. તે મુજબ, આંતરરાષ્ટ્રીય બજારમાં રિકવર કરાયેલ કેલિફોર્નિયાની કિંમત આશરે ૮૫૦ કરોડ રૂપિયા આંકવામાં આવી રહી છે. બિહાર એસટીએફ, સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ અને કુચાયકોટ પોલીસ સ્ટેશને સંયુક્ત ઓપરેશનમાં ૮ ઓગસ્ટના રોજ ૫૦ ગ્રામ કેલિફોર્નિયા જપ્ત કર્યું હતું. આ કિંમતી રેડિયો એક્ટિવ પદાર્થની દાણચોરી કરતા ત્રણ દાણચોરો ઝડપાયા છે. ત્રણેય તસ્કરો બાઈક ઉપર કુશીનગરથી ગોપાલગંજ જઈ રહ્યા હતા. યુપી-બિહાર બોર્ડર ઉપર બિહારની બેલથરી ચેકપોસ્ટ પોલીસના જણાવ્યા અનુસાર, આ પ્રતિબંધિત પદાર્થની દાણચોરી કરનાર મુખ્ય દાણચોર છોટાલાલ કુશીનગરના તમકુહિરાજ પોલીસ સ્ટેશન વિસ્તારના પરસૌની ગામનો રહેવાસી છે, જ્યારે તેના અન્ય સાગરિતો ચંદન ગુપ્તા અને ચંદન રામ બિહારના ગોપાલગંજ જિલ્લાના રહેવાસી છે. ઘણા મહિનાઓથી આ પદાર્થ વેચવાના પ્રયાસો કરી રહ્યો હતો. પોલીસને ગોપાલગંજના એક બાતમીદાર પાસેથી માહિતી મળી હતી. પોલીસે બાતમીના આધારે કાર્યવાહી કરી ત્રણ તસ્કરોને ઝડપી લીધા હતા. ફોરેન્સિક સાયન્સ લેબોરેટરીની એક વિશેષ ટીમને રેડિયો એક્ટિવ પદાર્થના સંચાલન અને વધુ તપાસ માટે બોલાવવામાં આવી છે. ન્યુક્લિયર એનર્જી વિભાગને પણ જાણ કરવામાં આવી છે. આ પદાર્થનું પરીક્ષણ IIT મદ્રાસ ખાતે કરવામાં આવ્યું હતું. કહેવામાં આવી રહ્યું છે કે આ પદાર્થનું કનેક્શન પોંડિચેરીની ન્યુક્લિયર પાવર કંપની સાથે હોવાનું મનાઈ છે.

# ઓનલાઈન કન્ટેન્ટ ક્રિએટર્સ નવા સુચિત બ્રોડકાસ્ટિંગ બિલનો વિરોધ શા માટે કરી રહ્યા છે?

## પ્રસ્તાવિત જોગવાઈઓ ટીવી સમાચારોના શક્તિશાળી વિકલ્પ તરીકે સોશિયલ મીડિયા ઉપર ઊભરી રહેલા રાજકીય નિવેદનો ઉપર રોક લગાવી શકે છે




નવી દિલ્હી તા.૧૩

સૂચિત બ્રોડકાસ્ટિંગ રેગ્યુલેશન બિલ, ૨૦૨૪નું નવીનતમ સંસ્કરણ કહે છે કે, રાજકારણ અને સમાચારો ઉપર ટિપ્પણી કરનારા તમારા મનપસંદ YouTubers અને Instagram સર્જકોએ હવે માહિતી પ્રસારણ મંત્રાલયમાં નોંધણી કરાવવી પડશે અને તેની વિવેકબુદ્ધિથી કામ કરવું પડશે. નિષ્ણાતોએ ધ્યાન દોર્યું છે કે બ્રોડકાસ્ટિંગ કાયદામાં સૂચિત ફેરફારોનો હેતુ ડિજિટલ સામગ્રી સર્જકોને રોકવા માટે ‘લાયસન્સ રાજ’ લાદવાનો છે. કન્ટેન્ટ ક્રિએટર્સ સરકારને એક ખતરા તરીકે જુએ છે. પત્રકાર અભિસાર શર્માએ જણાવ્યું હતું કે, તેઓએ મુખ્ય પ્રવાહના મીડિયાને કાબૂમાં રાખ્યું છે, હવે તેઓ YouTube અને Instagramને કાબુમાં રાખવા માંગે છે કારણ કે સરકાર જાણે છે કે ઈન્ટરનેટ ઉપરની સામગ્રી લોકસભાની ચૂંટણી દરમ્યાન તેની સંભાવનાઓને નુકસાન પહોંચાડે છે. શર્માની દલીલ માત્ર બ્રોડકાસ્ટિંગ બિલ ઉપર આધારિત નથી. બિલમાં ફેરફારોની દરખાસ્ત કરવામાં આવે તે પહેલાં જ, રાજકીય વિશ્લેષકોએ આ નોંધ્યું હતું. બ્રોડકાસ્ટિંગ બિલની અસર ચૂંટણીના રાજકારણ સુધી મર્યાદિત રહેશે નહીં, આ સામગ્રી નિર્માતાઓ નિર્દેશ કરે છે કે સરકાર ઈન્સ્ટાગ્રામ અને યુટ્યુબ ઉપર તેઓ સેન્સરશીપ લાદી શકે છે. તેઓ કહે છે કે, જો અમારી ઓળખ જાહેર કરવામાં આવશે, તો કોઈપણ મારા ઘરના દરવાજા ઉપર આવી શકે છે. તેઓને આશંકા છે કે આ બિલ તેની ગોપનીયતા અને સલામતી દૂર કરશે. અમારે મારી નોંધણી કરાવવા માટે અમારૂર નામ, સરનામું અને ફોન નંબર આપવો પડશે અને અમને ઓનલાઈન જે બળાત્કાર અને જાનથી મારી નાખવાની ધમકીઓ મળે છે તે વાસ્તવિકતા બની શકે છે. ડો. મેડુસાએ કહ્યું કે આ બિલનો ઉદ્દેશ્ય ઈન્ટરનેટની લોકશાહીને ખતમ કરવાનો છે. તેણીના પોતાના ઉદાહરણને ટાંકીને કહ્યું કે ઓનલાઈન પ્લેટફોર્મ મર્યાદિત સંસાધનો સાથે સામગ્રી બનાવવાની મંજૂરી આપે છે. હું ફોન કેમેરાનો ઉપયોગ કરૂ છું, હું મારા પોતાના વીડિયોને સંપાદિત કરૂ છું અને મારા રૂમની એક દિવાલ લીલી રંગની છે જે મારી ગ્રીન સ્ક્રીન તરીકે કામ કરે છે. અમને ન્યૂઝ ચેનલો સાથે મૂકીને, સરકાર અમને સંદેશ આપવાનો અધિકાર છીનવી લેવા માંગે છે. કન્ટેન્ટ ક્રિએટર્સ એવું માને છે કે આ બિલ સાથે સરકાર ઈન્ટરનેટનું નિયમન કરવા માંગે છે અને તેને નિયંત્રિત કરવા માંગે છે. ઈન્સ્ટાગ્રામ ઉપર લગભગ ત્રણ લાખ ફોલોઅર્સ ધરાવતા વિમોહ રાજકારણ અને વૈજ્ઞાનિક સ્વભાવને લગતી રીલ્સ પોસ્ટ કરે છે, તેણે કહ્યું કે : સમસ્યા એ નથી કે તેઓ કેવા પ્રકારની સામગ્રીને અનુસરે છે, અત્યારે ચિંતા એ છે કે તેઓ કેવા પ્રકારની સામગ્રી છે. નરેન્દ્ર મોદી સરકાર ઓનલાઈન કન્ટેન્ટ સર્જકોનો વિરોધ કરતી નથી. હકીકતમાં, તે તેમના પ્રભાવનો લાભ લેવા માંગે છે. લોકસભાની ચૂંટણીના થોડા અઠવાડિયા પહેલા વડાપ્રધાને ૨૩ કન્ટેન્ટ સર્જકોને પ્રથમ નેશનલ ક્રિએટર્સ એવોર્ડથી સન્માનિત કર્યા હતા. ઓનલાઈન સર્જકોને ઓળખવાના મહત્ત્વ અંગે મોદીએ ઈવેન્ટમાં કહ્યું હતું કે, : હું સમય પહેલા દરેક વાત સમજી શકું છું. નોંધપાત્ર રીતે, આ પુરસ્કારો શાસક પક્ષની વૈચારિક સામગ્રી પીરસતા સર્જકોને આપવામાં આવ્યા હતા. આ ડ્રાફ્ટ બિલનું અધિકૃત સંસ્કરણ હજુ પણ સાર્વજનિક ડોમેનમાં આવ્યું નથી. મીડિયા અહેવાલો અનુસાર, વિગતોના લીકેજને રોકવા માટે તેને વોટરમાર્કડ ફોર્મેટમાં કેટલાક ઉદ્યોગ હિતધારકો સાથે શેર કરવામાં આવ્યું છે. ડો.મેડુસાએ પ્રશ્ન કર્યો કે, આ હિતધારકો કોણ છે જેની સાથે સરકાર સલાહ લઈ રહી છે ? હું પણ એક હિસ્સેદાર છું અને બિલમાં શું સામેલ છે તે જાણવાની મારી પાસે કોઈ રીત નથી. બલરામ વિશ્વકર્માએ જણાવ્યું હતું કે, બિલની ગુપ્તતા જ દર્શાવે છે કે તેનો ઉદ્દેશ્ય ખરાબ છે અને તેના વિશે ચિંતિત છીએ. વિશ્વકર્મા ચિંતિત છે કે તેણે ‘અંધેરી વેસ્ટ શિટપોસ્ટિંગ’ નામના તેમના એકાઉન્ટનું નામ બદલવું પડશે, જેમાં તે મુંબઈમાં નાગરિક સમસ્યાઓને પ્રકાશિત કરવા માટે રમૂજી વીડિયો પોસ્ટ કરે છે. વિશ્વકર્માએ જણાવ્યું હતું કે તે મુંબઈની ઝૂંપડપટ્ટીમાં ઉછર્યા હતા અને અનેક નાગરિક સમસ્યાઓનો સામનો કર્યો હતો. હું કોલેજમાં ગયો પછી હું આ મુદ્દાઓને સામાજિક ન્યાયના લેન્સ દ્વારા જોવાનું શીખ્યો અને ઈન્ટરનેટે મને આ તક આપી છે. આ બિલ ઈન્ટરનેટની મૂળભૂત ફિલસૂફીને છીનવી લેવા માંગે છે.

# હિન્ડનબર્ગ વિરૂધ્ધ અદાણી વિવાદ : વિપક્ષે SEBI અધ્યક્ષની ભૂમિકા અંગે સરકાર ઉપર નિશાન સાધતા આકરા પ્રહારો કર્યા

**અમેરિકા સ્થિત શોર્ટ સેલર હિન્ડનબર્ગ રિસર્ચે અદાણીના સંબંધમાં નવા આક્ષેપો કર્યા છે, વિરોધ પક્ષોના નેતાઓએ SEBI અને કેન્દ્ર સરકાર ઉપર આકરા પ્રહારો કરી રહ્યા છે, હિન્ડનબર્ગે તેના અહેવાલમાં દાવો કર્યો હતો કે, આ નવા આરોપો વ્હિસલબ્લોઅર દ્વારા પૂરા પાડવામાં આવેલા દસ્તાવેજો અને અન્ય સંસ્થાઓ દ્વારા કરવામાં આવેલી તપાસ ઉપર આધારિત છે**

નવી દિલ્હી તા.૧૩

યુએસ શોર્ટ સેલર હિન્ડનબર્ગ રિસર્ચે સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા (SEBI)ના ચેરપર્સન માધબી પુરી બુચ વિરૂધ્ધ આરોપ લગાવ્યો છે કે સેબીના વડા અને તેમના પતિએ બર્મુડા અને મોરેશિયસમાં ઓફશોર ફંડમાં હિસ્સો ધરાવે છે અને આ ઓફશોર કંપનીઓ અદાણીનીકંપનીઓ સાથે સંબંધો ધરાવે છે. પુરી-બુચ દંપતી દ્વારા આ આરોપોનું ખંડન કરવામાં આવ્યું છે પરંતુ આ સમાચારે દેશમાં વ્યાપાર અને રાજકીય વાતાવરણમાં હલચલ મચાવી દીધી છે. હિન્ડનબર્ગના આરોપોને લઈને વિપક્ષીના રાજકીય નેતાઓ સરકાર સામે આકરા પ્રહારો કરી રહ્યા છે. ઓલ ઈન્ડિયા કોંગ્રેસ કમિટી (AICC)ના જનરલ સેક્રેટરી જયરામ રમેશે આ ખુલાસાઓ ઉપર સવાલ ઊઠાવતા લેટિન શબ્દસમૂહનો ઉપયોગ કર્યો હતો. તેમણે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X ઉપર પોસ્ટ કર્યું કે, ‘પોતાની રક્ષા કોણ કરશે’ તે એવો સંકેત આપે છે કે, માર્કેટ રેગ્યુલેટર સેબી માટે પણ દેખરેખની જરૂર છે.

આમ આદમી પાર્ટીના નેતા અને દિલ્હીના પૂર્વ નાયબ મુખ્યમંત્રી મનિષ સિસોદિયાએ વડાપ્રધાન નરેન્દ્ર મોદીનીઆગેવાની હેઠળની કેન્દ્ર સરકાર ઉપર આકરા પ્રહારો કર્યા છે. તેમણે કહ્યું કે, હિન્ડનબર્ગના આરોપો એ વાતનો પુરાવો છે કે, આ સરકાર મુઠ્ઠીભર ઉદ્યોગપતિઓના ફાયદા માટે ચલાવવામાં આવી રહી છે. તૃણમૂલ કોંગ્રેસના સાંસદ મહુઆ મોઈત્રાએ સીબીઆઈ અને એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઈડી)ને પૂછ્યું કે, શું આ એજન્સીઓ અદાણી વિરૂધ્ધ ફરિયાદ નોંધશે ?

**હિન્ડનબર્ગે પોતાના અહેવાલમાં શું કહ્યું છે ? :**

૧૦ ઓગસ્ટના રોજ આ ખુલાસા કર્યા પછી હિન્ડનબર્ગે તે જ દિવસે તેના તારણો પ્રકાશિત કર્યા હતા. હિન્ડનબર્ગે જણાવ્યું હતું કે, અમે અગાઉ ગંભીર નિયમનકારી હસ્તક્ષેપના જોખમ વિના સંચાલન ચાલુ રાખવાના અદાણીના સંપૂર્ણ વિશ્વાસની નોંધ લીધી હતી, જે સૂચવે છે કે, આ બાબત સેબીના ચેરપર્સન,માધાબી બુચ સાથેના અદાણીના સંબંધો દર્શાવે છે. સેબીના વર્તમાન અધ્યક્ષ અને તેમના પતિ, ધવલ બુચ, વિનોદ અદાણી દ્વારા ઉપયોગમાં લેવાતા સમાન જટિલ માળખામાં ઓફશોર બર્મુડા અને મોરિશિયસ ફંડ્સમાં પોતાનો હિસ્સો છૂપાવ્યો હતો. હિન્ડનબર્ગે જણાવ્યું હતું કે, તેના નિવેદનો વ્હિસલબ્લોઅર દ્વારા મેળવેલા દસ્તાવેજોના આધારે કરવામાં આવ્યા હતા.

**સેબીના અધ્યક્ષે શું કહ્યું ? :**

પુરી-બુચે હિન્ડનબર્ગના આરોપોને રદિયો આપતા સંયુક્ત નિવેદન બહાર પાડ્યું હતું. તેમણે કહ્યું કે, અમે અહેવાલમાં કરવામાં આવેલા પાયાવિહોણા આક્ષેપોને સખત રીતે નકારીએ છીએ. તે સત્યથી દૂર છે. અમારૂં જીવન અને નાણાકીય બાબતો એક ખુલ્લું પુસ્તક છે. જરૂરિયાત મુજબના તમામ ડિસ્ક્લોઝર વર્ષોથી સેબીને પહેલેથી જ આપવામાં આવ્યા છે. અમને અન્ય કોઈપણ અને તમામ નાણાકીય દસ્તાવેજો જાહેર કરવામાં કોઈ ખચકાટ નથી અને અમે સામાન્ય નાગરિકો હતા તે સમયગાળા સાથે સંબંધિત કોઈપણ દસ્તાવેજો દરેક સત્તાધિકારી જોઈ શકે છે, વધુમાં અમે સંપૂર્ણ પારદર્શિતા સાથે યોગ્ય સમયે વિગતવાર નિવેદન જારી કરીશ.

# EMI વધશે, બેંકોએ સીમાંત ધિરાણ દરમાં વધારો કર્યો

નવી દિલ્હી, તા.૧૩

ભારતની ત્રણ મુખ્ય જાહેર ક્ષેત્રની બેંકો, બેંક ઓફ બરોડા, UCO બેંક અને કેનેરા બેંકે તેમના ફંડ આધારિત ધિરાણ દરો (MCLR)માં વધારાની જાહેરાત કરી છે, જે ૧૦ ઓગસ્ટ અને ૧૨ ઓગસ્ટથી અમલમાં આવશે. આનો અર્થ એ થયો કે ગ્રાહકો અને વ્યવસાયો બંને માટે ઉધાર લેવું થોડું મોંઘું બનશે કારણ કે આ ફેરફારો વિવિધ લોનના સમયગાળાને અસર કરશે. બેંક ઓફ બરોડા ૧૨ ઓગસ્ટથી અમુક લોનની મુદત માટે તેના સુધારેલા MCLR દરો લાગુ કરશે. UCO બેંક ૧૦ ઓગસ્ટથી પસંદગીના સમયગાળા માટે તેના ધિરાણ દરમાં ૫ બેસિસ પોઈન્ટ્સનો વધારો કરશે. તે દરમિયાન, કેનેરા બેન્ક ૧૨ ઓગસ્ટથી શરૂ થતાં તમામ લોનના સમયગાળામાં તેના MCLRમાં ૫ બેસિસ પોઈન્ટનો વધારો કરશે. કેનેરા બેન્ક માટે, એક વર્ષનો MCLR, જે ઓટો અને પર્સનલ લોનને અસર કરે છે, તે વધીને ૯ ટકા થશે. MCLR દરો વધારવાનો નિર્ણય રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (RBI) દ્વારા તેના બેન્ચમાર્ક ધિરાણ દરને ૬.૫ ટકા ઉપર જાળવી રાખવાની તાજેતરની પસંદગીને અનુસરે છે.

# નર્મદા નદીમાં ૧,૩૫,૦૦૦ ક્યુસેક પાણી છોડાયું : કાંઠાના ગામને એલર્ટ કરાયા



રાજપીપળા,તા.૧૩

ઉપરવાસમાં પડતા સતત વરસાદ તથા ઓમકારેશ્વર બંધમાંથી છોડવામાં આવી રહેલ પાણીને કારણે સરદાર સરોવર બંધની સપાટીમાં સતત વધારો થવાથી રવિવારે ૯ દરવાજા ૧.૫૦ મીટર ખોલવામાં આવ્યા. જેને કારણે બંધના નીચલા વિસ્તારમાં ૯૦,૦૦૦ ક્યુસેક પાણી વહેશે. વધુમાં નદી તળ વિધુત મથક (R.B.P.H) ના ૬ મશીનો અને સરદાર સરોવર બંધનાં દરવાજાના સંચાલનને કારણે નર્મદા નદીમાં કુલ ૧,૩૫,૦૦૦ (૯૦,૦૦૦ +૪૫,૦૦૦) ક્યુસેક પાણી છોડવામાં આવ્યું છે. સરદાર સરોવર બંધનાં નીચાણવાળા વિસ્તારમાં કોઈ દુર્ઘટના કે જાનહાની ન થાય તે માટે જરૂરી સુરક્ષા પગલાં લેવા અને નાગરિકોને સચેત રહેવા મામલતદાર ડિઝાસ્ટર, નર્મદા રાજપીપળાએ જણાવ્યું છે.

અસરગ્રસ્ત કરતા નાંદોદ તાલુકાના સિસોદરા, ભદામ, માંગરોલ, ગુવાર, રામપુરા, રાજપીપળા, ઓરી,નવાપુરા, ધમણાચા,ધાનપોર, ભચરવાડા, હજરપુરા, શહેરાવ, વરાછા, પોઈચા, રૂંઢ ગામો. અને ગરૂડેશ્વર તાલુકાના સાંજરોલી, અંકલેશ્વર, સુરજવડ, ગોરા, ગરૂડેશ્વર, ગંભીરપુરા, વાંસલા. તેમજ તિલકવાડા તાલુકાના વાસણ, તિલકવાડા, વડીયા, વિરપુર, રેંગણ ગામોના નાગરિકોને સચેત રહેવા અપીલ કરવામાં આવી છે. તંત્રએ આપત્તિના સમયે ૧૦૭૭ હેલ્પલાઈન નંબર જાહેર કર્યો છે. ઉપરવાસમાંથી સતત પાણીની આવક થતા નર્મદા ડેમના નવ દરવાજા ખોલવામાં આવ્યા છે. ૯૦ હજાર ક્યૂસેક પાણી નર્મદા નદીમાં છોડાયુ છે. સીઝનમાં પ્રથમવાર ડેમની સપાટી ૧૩૫ મીટર ઉપર પહોંચી છે. ડેમ મહત્તમ સપાટીથી માત્ર ચાર મીટર દૂર છે. નીચાણવાળા ગામોને એલર્ટ કરાયા છે.

નર્મદા ડેમમાંથી પાણી છોડાતા વડોદરાના નર્મદા નદી કાંઠાના ગામોને એલર્ટ કરાયા છે. શિનોર તાલુકાના ૧૧ અને કરજણ તાલુકાના ૧૩ ગામના લોકોને સાવચેત રહેવા સૂચના આપવામાં આવી છે. નદીના પટમાં ન જવા માટે લોકોને સૂચના અપાઈ છે. નર્મદા ડેમના ટોટલ ૯ ગેટ ૧.૫૦ મીટર સુધી ખોલાયા છે.નર્મદા ડેમમાંથી આ સિઝનમાં પ્રથમવાર ૧ લાખ ૩૫ હજાર ક્યૂસેક પાણી છોડાયું. ડેમની જળસપાટી ૧૩૫ મીટર ઉપર પહોંચી છે. હાલ ૨ લાખ ૬૬ હજાર ક્યૂસેક પાણીની આવક છે. નવ દરવાજા ખોલી પાણી છોડાતા નદી કાંઠાના ગામ એલર્ટ ઉપર છે. રાજયભરમાં આગામી બે દિવસ ગાજવીજ સાથે હળવાથી મધ્યમ વરસાદની હવામાન વિભાગે આગાહી કરી છે. કચ્છ-સૌરાષ્ટ્રમાં ગાજવીજ સાથે તો દક્ષિણ ગુજરાત, મધ્ય ગુજરાત અને ઉત્તર ગુજરાતમાં મધ્ય વરસાદની આગાહી કરવામાં આવી છે.

ગુજરાતના ડેમની સ્થિતિ ઉપર નજર કરીએ તો રાજ્યના કુલ ૨૦૭માંથી પૈકી ૪૭ જળાશયો સંપૂર્ણ ભરાયા છે. સૌરાષ્ટ્રના ૧૪૧માંથી પૈકી ૩૫ઓવરફ્લો થયા છે. તો કચ્છના ૨૦ પૈકી ૬ અને દક્ષિણ ગુજરાતના ૧૩ પૈકી ૬ જળાશયો છલોછલ થયા છે. તાપીનાં ઉકાઈ ડેમના ગેટ ઓપરેશનની કાર્યવાહીમાં વધારો કરાયો છે. ડેમના ૬ દરવાજાઓ ૪ ફૂટ સુધી ખોલવામાં આવ્યાં છે. ડેમના ઉપરવાસમાં પાણીની આવકમાં સતત વધારો થતાં ડેમની જળ સપાટી રૂલર લેવલની નજીક પહોંચી છે. ઉકાઈ ડેમમાં ૬૦,૫૧૦ ક્યુસેક પાણીની આવક બપોરે ૨ કલાકે નોંધાઈ છે. ડેમની જળસપાટી હાલ ૩૩૪.૯૦ ફૂટ ઉપર પહોંચી છે. ત્યારે ડેમનું રૂલ લેવલ ૩૩૫ ફૂટ જ્યારે ડેમની ભયજનક સપાટી ૩૪૫ ફૂટની છે. ઉકાઈ ડેમની સપાટી રૂલ લેવલ નજીક પહોંચતા ડેમનું રૂલ લેવલ મેટેનન કરવા ડેમના અધિકારી દ્વારા હાઈડ્રો, કેનાલ અને ડેમનાં ગેટ ખોલી ૬૦,૫૧૦ ક્યુસેક પાણી છોડવામાં આવ્યું ત્યારે ડેમના હાઈડ્રો પાવર સ્ટેશન મારફતે ૧૬,૮૮૭ ક્યુસેક અને કેનાલ દ્વારા ૬૦૦ ક્યુસેક પાણી છોડવામાં આવી રહ્યું છે. સવારે હાલ ડેમનાં ૬ ગેટ ૪ ફુટ ખોલી ૪૨,૯૯૬ ક્યુસેક પાણી તાપી નદીમાં છોડવામાં આવી રહ્યું છે. ઉકાઈ ડેમમાંથી કુલ ૬૦,૫૧૦ ક્યુસેક પાણી છોડવામાં આવતા તાપી નદીની આસપાસના ગામોને એલર્ટ કરાયા છે.

# કુશળ શાસક અને શૌર્યવંતા એવા ઈન્દોરના મહારાણી અહલ્યાબાઈ હોલકરની આજે પુણ્યતિથી

## સોમનાથ મંદિર ૧૮ મી સદીમાં જયારે જીર્ણ અવથામાં હતું ત્યારે તિર્થમાં શિવપૂજાને અખંડ રાખવા મહારાણી અહલ્યાબાઈએ મંદિરનું નિર્માણ કરાવેલ



(પ્રતિનિધિ દ્વારા)

પ્રભાસ પાટણ તા. ૧૩

ઈન્દોરના મહારાણી અહલ્યાબાઈ હોલકરની પુણ્યતિથી આજે તા.૧૩ ઓગષ્ટ ને મંગળવારના રોજ હોય ત્યારે યાદ કરીએ તેના સોમનાથ સાથેના પુણ્ય સ્મરણને..

એક કાળમાં તેઓ તે સમયના સોમનાથ મંદિર ઉપર ઈતિહાસ કથા મુજબ વારંવાર આક્રમણ થતા હતા. જેથી મહારાણી અહલ્યાબાઈ હોલકર દ્વારા સોમનાથનો પુનઃનિર્માણનો સંકલ્પ કરવામાં આવ્યો હતો. આથી તેમના સેનાપતિ સોમનાથ આવ્યા ત્યારે સોમનાથ મંદિરનું પુનઃનિર્માણ તે સમયે શકય ન લાગતા તિર્થમાં શિવપૂજા અખંડ રાખવા સોમનાથ મંદિરની સામે આવેલું અન્ય એક મંદિર જે પણ તે સમયે વિધ્વંશ થયું હતું તેનું પુનઃનિર્માણ ઈ.સ. ૧૭૮૩માં કરાવ્યું હતું.

હાલ પણ આ મંદિર વર્ષોપર્યંતથી વિદ્યમાન છે. મંદિરનું શિખર કમલાકાર છે અને સ્વયંભૂ જાતે પૂજા-પાઠ, જલાભિષેક કરી શકાય છે અને મંદિર પરિસરમાં મહારાણી અહલ્યાબાઈ હોલકરની પ્રતિમા મુકવામાં આવી છે. જેનું મુખ સદાય શિવલીંગ દર્શન કરતું રહે તે રીતે સ્થાપિત કરવામાં આવી છે. સોમનાથ ટ્રસ્ટ-ટ્રસ્ટી જે.ડી. પરમાર આ અંગેના ઈતિહાસના પણ જાણકાર છે.

અહલ્યાબાઈ હોલકરે ભગવાન સોમનાથ મંદિરના નિર્માણ કાર્ય માટે ઈ.સ. ૧૭૮૨માં પોતાના પ્રધાન કૃષ્ણાજી બાજીને પ્રભાસ પાટણ મોકલ્યા હતા અને સોમનાથ તિર્થમાં શિવપૂજા અખંડ રાખવા શિવમંદિરનું નિર્માણ કરવામાં આવ્યું હતું.

લોકબોલીમાં તોનો ભોયારાવાળા સોમનાથ અને જુના સોમનાથ પણ કહે છે. અહલ્યાબાઈ હોલકરનો જન્મ તા.૩૧-૫-૧૭૨૫ માં થયેલ અને સ્વર્ગવાસ તા.૧૩-૮-૧૭૯૫ માં થયેલ છે. ઈન્દોરના તે મહારાણીએ દેશના તમામ તિર્થોમાં ધર્મશાળાઓ, દેવમંદિરો, વાવ, કુવા, કુંડ નવા નિર્માણ કરાવ્યા હતા કે તેનો જીર્ણોધ્ધાર કરાવ્યો હતો. એમ કહેવાય છે કે, માતોશ્રી અહલ્યાબાઈ અંગે તત્કાલીન વડાપ્રધાન જવાહરલાલ નહેરૂએ તેના 'ડિસ્કવરી ઓફ ઈન્ડિયા' નામના પુસ્તકમાં લખ્યું છે કે, 'મધ્ય યુગના ઈતિહાઈમાં માતોશ્રિ અહલ્યાબાઈ એક દંતકથા સમાન છે. તેઓ કુશળ શાસક, રાજયકર્તા, પ્રજા વત્સલ હતા.'

# કોડીનારમાં દિવ્યાંગ બાળકો દ્વારા રાખડી બનાવી પ્રદર્શન યોજી વેચાણ કરવામાં આવ્યું

## દિવ્યાંગ બાળકોએ રાષ્ટ્રીય સુત્રોના નારા સાથે તિરંગા યાત્રા પણ યોજી






(મુગલ અલ્તાફ દ્વારા)

કોડીનાર તા.૧૩

ગીર સોમનાથ જિલ્લાની કોડીનાર સ્થિત દિવ્યાંગ બાળકોની સંસ્થા જીવનદીપ ટ્રસ્ટ એન્ડ એજયુકેશન સેન્ટર દ્વારા એક દિવસ માટે કોડીનારના શિવાજી ચોક પાસે આવેલા સોમનાથ મહાદેવ મંદિર ખાતે રાખડી વેચાણનો સ્ટોલ ગોઠવવામાં આવ્યો હતો. સવારે ૧૦ વાગ્યાથી બપોરે ૨ વાગ્યા સુધીમાં તમામ રાખડીઓનું વેચાણ થઈ ગયું હતું. દિવ્યાંગ બાળકોએ બનાવેલી અવનવી રાખડીઓ ખરીદવા શહેરીજનો ઉત્સાહભેર આવ્યા હતા. દિવ્યાંગ બાળકોના સ્ટોલમાં નહિ નફો નહિ નુકશાનનાં ધોરણે રાખડી વહેંચવામાં આવી હતી. દિવ્યાંગ બાળકો દ્વારા બનાવવામાં આવેલી રાખડીનાં સ્ટોલમાં માત્ર ચાર કલાકમાં તમામ રાખડીઓનું વેંચાણ થઈ ગયું હતું. દિવ્યાંગ બાળકોએ વર્તમાન સમયની માંગ મુજબ બાળકો માટેની રાખડી, યુવાઓ માટેની રાખડી, કપલ રાખડી તેમજ વડીલો માટેની રાખડી એમ વિવિધ રાખડીઓ બનાવી હતી અને વેંચાણ પણ કર્યું હતું. તો શહેરની મહિલાઓએ આ અવનવી વેરાયટી સાથેની રાખડી ખરીદી માટે રસ દાખવી આત્મસંતોષનો ભાવ પણ પ્રગટ કર્યો હતો. રાખડી વેંચાણનું કાર્ય પૂરૂં થયા બાદ આગામી સ્વાતંત્ર્ય પર્વને અનુસરીને તિરંગા યાત્રાનું આયોજન થયું હતું. કોડીનારના સોમનાથ મંદિરેથી નીકળેલી દિવ્યાંગ બાળકોની તિરંગા યાત્રા શહેરના મુખ્ય માર્ગો પર ફરી હતી. દિવ્યાંગ બાળકોએ રાષ્ટ્રીય સૂત્રોનાં નારા લગાવ્યા હતા.

દિવ્યાંગ બાળકોને જો યોગ્ય તાલીમ આપવામાં આવે તો શું ન કરી શકે? તેવું જણાવતા સંસ્થાના કો-ઓર્ડીનેટર આરીફભાઈ ચાવડાએ જણાવ્યું હતુ કે દિવ્યાંગ બાળકો સામાન્ય પ્રવાહમાં સામેલ થઈ શકે છે.

આવા બાળકોમાં અદભુત શક્તિ રહેલી હોય છે. દિવ્યાંગ બાળકોને જો યોગ્ય તાલીમ આપવામાં આવે તો તે ઘણું કરી શકે છે. જીવનદીપ સંસ્થા છેલ્લા ઘણા વર્ષોથી દિવ્યાંગ બાળકોને શિક્ષણની સાથે શિસ્ત અને સ્વાવલંબનનાં પાઠ ભણાવે છે. અહીંથી શિક્ષિત થઈને અનેક બાળકો સામાન્ય સામાજિક પ્રવાહમાં સામેલ થયા છે. સરકાર પણ આ માટે ઘણું કરી રહી છે. દિવ્યાંગ બાળકો શિક્ષણની સાથે સ્કિલ ડેવલપમેન્ટની અનેક પ્રવૃતિઓ આ સંસ્થામાં કરે છે. સામાન્યતઃ દિવ્યાંગ બાળકોને જો સતત પ્રવૃતિશીલ રાખવામાં આવે તો તો તેઓ પાસેથી ઘણી કલાઓ બહાર આવી શકે છે. જરૂર છે માત્ર યોગ્ય તાલીમની. દિવ્યાંગ બાળકોની સર્જનાત્મકતા અને ગ્રહણ શક્તિ અદ્ભુત હોય છે. આ શક્તિને પારખીને તેને બહાર લાવવાનું કામ જીવનદીપ સંસ્થા કરે છે. જેના પરિણામ સ્વરૂપ જ આ અદ્ભુત રાખડીઓ બનાવવામાં આવી હતી.

### કુબાવત ચેરીટેબલ ટ્રસ્ટ અને

# રાજકોટ વોકહાર્ટ હોસ્પિટલના સહયોગથી ઉનાના દેલવાડા ગામે મેગા મેડિકલ કેમ્પ યોજાયો





(પ્રતિનિધી દ્વારા)

ઉના તા. ૧૩

ઉના તાલુકાના દેલવાડા ગામે એમ.એસ.સંઘવી સ્કૂલના કમ્પાઉન્ડમાં કુબાવત ચેરીટેબલ ટ્રસ્ટ અને રાજકોટ વોકહાર્ડ હોસ્પિટલના સહયોગથી મેગા મેડિકલ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતુ જેમાં ૫૦૦ થી વધારે દર્દીઓએ લાભ મેળવી લીધો હતો.

માનવ સેવા એજ પ્રભુ સેવાની ઉક્તિને સાર્થક કરતા કુબાવત ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા સર્વરોગ નિદાન કેમ્પનું સુંદર આયોજન દેલવાડા ગામે શ્રીએમ.એસ.સંઘવી વિદ્યાલયના પટાંગણમાં કરવામાં આવ્યું હતું. જેમાં વોકહાર્ટ હોસ્પિટલના ડો.હાર્દિક ધમસાનિયા, ડો.નયન ટીંબડીયા, ડો.સુનીલ બાનસોડે, ડો.કૌશિક હડીયા તથા દીવ ગવર્મેન્ટ હોસ્પિટલમાં સેવા આપતા ડો. સંદિપ હાજર રહ્યા હતા. જેમના દ્વારા દર્દીઓનું વિનામૂલ્યે નિદાન કરવામાં આવ્યું હતું.

આ મેગા મેડિકલ કેમ્પમાં દેલવાડા તેમજ આજુબાજુના વિસ્તારમાં રહેતા ગરીબ અને મધ્યમ વર્ગના ૫૦૦ થી વધારે લોકોએ વિનામૂલ્યે પોતાના શરીરને લગતી બીમારીઓનું નિદાન કરાવ્યું હતું. મધ્યમ અને ગરીબ પરિવારના લોકો જો આવી મોટી હોસ્પિટલના ડોક્ટરને મળવા જતા હોય તો આશરે ચારથી પાંચ હજારનો ખર્ચો થતો હોય પરંતુ કુબાવત ચેરીટેબલ ટ્રસ્ટ અને વોકહાર્ટ હોસ્પિટલના સહયોગથી સમગ્ર દર્દીઓને ફ્રી માં સારવાર આપવામાં આવી હતી. કેમ્પમાં વોકહાર્ટનાં ડોક્ટરની મહેનત જોતા એવું લાગે ખરેખર ડોક્ટર એ ભગવાનનું બીજુ સ્વરૂપ છે તે સાર્થક કરતા અહીંયા જોવા મળે છે. આ મેડિકલ કેમ્પનું આયોજન સફળ કરવા દેલવાડાના કુબાવત ચેરીટેબલ ટ્રસ્ટના અથાગ પ્રયત્નોથી સફળ બનાવવામાં આવ્યું હતું. આ ઉપરાંત કુબાવત ચેરીટેબલ ટ્રસ્ટ દેલવાડા- ઉના અને ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટીના સહયોગથી બ્લડ ડોનેશન કેમ્પ દેલવાડા મુકામે શ્રી એમ.એસ સંઘવી વિદ્યાલયમાં યોજાયો હતો તેમાં અંદાજિત ૬૦ થી ૭૦ લોકોએ રક્તદાન કેમ્પમાં ભાગ લીધો હતો. દેલવાડા ગામના સામાજિક અગ્રણી એવા શ્રી હિરેનભાઈ બાંભણીયા તેમજ ડોકટરની ટિમમાં સેવા આપતા ડો.સંદીપભાઈ સોલંકી, ડો. ભાવિન બાબરીયા, ડો.સીરાજી, ડો.એસ.એસ .ભાદરકા અને અન્ય પેરામેડિકલ સ્ટાફની મદદથી રક્તદાન કેમ્પનું સફળ આયોજન થયેલ હતું. આ ઉપરાંત શ્રી કુબાવત ચેરીટેબલ ટ્રસ્ટના પ્રમુખ એચ.આઈ. કુબાવત દ્વારા અગાઉ વોકહાર્ટ હોસ્પિટલની મદદથી કેમ્પ કરેલ હતો. ત્યારબાદ વૃદ્ધાશ્રમ ગુપ્ત પ્રયાગ ખાતે પણ મેડિકલ કેમ્પ કરેલ હતો તેમજ દેલવાડાના વયોવૃદ્ધનો નિઃશુલ્ક ઓપરેશન પણ કરાવી આપેલ હતું.આવી જ રીતે આવનારા સમયમાં પણ કુબાવત ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા માનવસેવા અને જરૂરિયાતમંદોને મેડિકલ સારવાર અંગે ટ્રસ્ટ દ્વારા મદદ કરવામાં આવશે. આ બંને કેમ્પનું દેલવાડાના સામાજિક અગ્રણી હિરેનભાઈ બાંભણીયા ડો.સીરાજી વગેરે સફળ આયોજન કર્યું હતું.

# ગીરગઢડા તાલુકા યુવા ઉત્સવ- ૨૦૨૪ ગીરગુંજન વિદ્યાલય, મહોબતપરાના યજમાન પદે હર્ષોલ્લાસ સાથે સંપન્ન

(નિરવ ગઢીયા દ્વારા)

ઉના તા. ૧૩




જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરી ગીરસોમનાથ દ્વારા ગીરગઢડા તાલુકા યુવાઉત્સવ ૨૦૨૪ કન્વીનર દિલિપભાઈ માલકિયાના નેતૃત્વ અને માર્ગદર્શન હેઠળ દિનાંક ૧૨ ઓગસ્ટ ૨૦૨૪ વિશ્વ યુવા દિવસે ગીરના નૈસર્ગિક વાતાવરણ અને વરસાદી મીઠડી સોડમ સાથે સંગીત-કલા-સાહિત્ય ગીરગઢડા તાલુકા કક્ષા યુવાઉત્સવ ૨૦૨૪ શ્રી ગીરગુંજન વિદ્યાલય-મહોબતપરા ખાતે યોજાઈ ગયો હતો.

આ યુવા ઉત્સવ-૨૦૨૪ અંતર્ગત અ,બ, અને ખુલ્લા વિભાગની સંગીત, સાહિત્ય, કલા સ્પર્ધાઓમા હળવું કંઠ્ય સંગીત, લગ્નગીત, લોકવાદ્ય સંગીત, ભજન,સમૂહગીત, એકપાત્રિય અભિનય, ચિત્રકલા, સર્જનાત્મક કારીગરી, લોકવાર્તા, દુહા-છંદ-ચોપાઈ, કાવ્ય લેખન, ગઝલ શાયરી લેખન,પાદ્પૂર્તિ, નિબંધ લેખન, વક્તૃત્વ સ્પર્ધાઓ યોજાઈ, જેમાં ૧૦૦થી વધારે પ્રતિયોગિતાઓએ ભાગ લીધો હતો.

આ સ્પર્ધાઓ દીપ પ્રાગટ્ય તેમજ વિદ્યાલયના વિદ્યાર્થીઓ દ્વારા પ્રાર્થના પ્રસ્તુતિ તથા કન્યા છાત્રોએ તમામ અતિથિઓનું કુમકુમ-અક્ષતથી સ્વાગત કરી કાર્યક્રમને ખુલ્લો મૂકવામા આવ્યો હતો. ગીરગુંજન સંસ્થાના સંસ્થાપક મુકેશભાઈ જાલંધરા, દેવાયતભાઈ વાઘમસી, મંગળભાઈ કાછડ, લાલજીભાઈ કાછડના કરકમળોથી અતિથિ વિશેષ તથા યુવાઉત્સવ કન્વીનર દિલીપભાઈ માલકિયા, Q.D.C કન્વીનર રત્નેશભાઈ જોશી, કેળવણી નિરીક્ષક ગીરગઢડા શાંતિભાઈ નાંડોળા, જી.ફ.જી કન્વીનર ઉપાધ્યાયભાઈ, રાજેન્દ્રગીરી ગોંસાઈ,નરેન્દ્રભાઈ ગોસ્વામી તેમજ સંગીત જ્યૂરી મેમ્બર કલાગુરૂ કમલેશભાઈ મહેતા, સુપ્રસિદ્ધ બાંસુરી વાદક વિપુલભાઈ વોરાને મોમેન્ટો અર્પણ કરી સ્વાગત સત્કાર કરવામાં આવ્યો હતો. કન્વીનર યુવાઉત્સવ ૨૦૨૪ દિલીપભાઈ માલકિયા તથા પ્રાચાર્ય રત્નેશભાઈ જોશી, શ્રી અભિનવ વિદ્યાલય ગીરગઢડા તથા શાંતિભાઈ નાંડોળાએ પ્રાસંગિક ઉદ્બોધન કર્યુ હતું તથા સૌનો શબ્દ સત્કાર કર્યો હતો. અને સૌ સ્પર્ધકોને પ્રેરિત પ્રોત્સાહિત કર્યા હતા. રંગમંચ સંચાલન જિતેન્દ્રભાઈ દામોદર તથા દેવાયતભાઈ વાઘમસી એ કર્યું હતું. આ સ્પર્ધાઓના મ્યુઝિક અને કલ્ચરલ જયુરી તરીકે સંગીત કલાગુરૂ કમલેશભાઈ મહેતા , સુપ્રસિદ્ધ બાંસુરી વાદક વિપુલભાઈ વોરા, સુગમ સંગીતકાર શરદભાઈ પંડ્યા તથા અન્ય જ્યૂરી મેમ્બરશ્રીઓએ પોતાની બહુમૂલ્ય સેવા આપી હતી. પ્રતિયોગિતાઓના અંતે ગીરગુંજન વિદ્યાલયના યજમાન પદે મહોબતપરા ઉપસ્થિત સમસ્ત પ્રતિભાગીઓ, અતિથિઓ પ્રત્યેકને સાત્વિક સ્વાદિષ્ઠ ભોજન ગ્રહણની સુંદર વ્યવસ્થા કરવામા આવી હતી. આ સમગ્ર કાર્યક્રમ પ્રતિયોગિતાઓનો માણવા વિભિન્ન વિભાગના અધિકારી, અલગ-અલગ શાળા ઓના પ્રાચાર્યશ્રીઓ, વિદ્યાર્થીઓ, ગ્રામ્યજનો, કલા પ્રેમીઓ ઉપસ્થિત રહી પ્રતિયોગિતાઓ રસ પૂર્વક માણી પ્રતિભાગિઓને પ્રોત્સાહિત કર્યા હતા. ધન્યવાદ જ્ઞાપન સુશ્રી વિભૂતિ બહેન ગોરસિયાએ કર્યો હતો. આ સમગ્ર કાર્યક્રમને સફળતાપૂર્વક સંપન્ન કરવા સંસ્થાન ગીરગુંજન વિદ્યાલય પરિવાર તથા યુવાઉત્સવ સમિતિએ પુરતો સહયોગ કર્યો હતો.

# ITC Sunfeastએ બાળકો માટે પૌષ્ટિક બિસ્કિટ 'સુપર એગ એન્ડ મિલ્ક' લોન્ચ કર્યા

## બાળકોમાં ઈંડા અને દૂધના વપરાશને પ્રોત્સાહન મળશે

(પ્રતિનિધિ દ્વારા)

અમદાવાદ તા. ૧૩

સનફીસ્ટ હંમેશા તેના ગ્રાહકોને નવીન અને અનન્ય અનુભવો પ્રદાન કરવા માટે જાણીતું છે. તેણે મરઘી અને ગાય વચ્ચે એક પ્રકારની રમૂજી કોન્ફરન્સનું આયોજન કર્યું હતું. તેમના પ્રતિનિધિઓ વચ્ચે જીવંત ચર્ચા થઈ, જ્યાં તેઓએ બાળકો માટે દૂધ અને ઈંડાને વધુ આકર્ષક બનાવવાના પડકારોને રમૂજી રીતે પ્રકાશિત કર્યા અને સારા પોષણ પ્રદાન કરવામાં તેમના યોગદાન પર ભાર મૂક્યો હતો.

કોન્ફરન્સમાં સામાન્ય વાર્તાલાપ પછી, એક વિશાળ પેનલ ચર્ચા યોજાઈ હતી. આ ચર્ચામાં વિવિધ ક્ષેત્રની જાણીતી હસ્તીઓએ પણ ભાગ લીધો હતો. ઉપસ્થિત સેલિબ્રિટીઓમાં શ્રી મદન મોહન મૈતી, અધ્યક્ષ, નેશનલ એગ કોઓર્ડિનેશન કમિટી (NECC) પશ્ચિમ બંગાળ, ડો. દુલાલ ચંદ્ર સેન, વાઈસ ચેરમેન, IDA ઈસ્ટર્ન રિજન, ડૉ. અનન્યા ભૌમિક, ક્લિનિકલ ન્યુટ્રિશનિસ્ટ અને લાઈફસ્ટાઈલ કન્સલ્ટન્ટ, સેલિબ્રિટી મમ્મી કોનિકા બેનર્જી, અર્ચના સિન્હા, કો-ફાઉન્ડર અને સીઈઓ, પૌષ્ટિક શાળાઓ વગેરે હાજર રહ્યા હતા. પેનલે ભારપૂર્વક જણાવ્યું હતું કે બાળકોના વિકાસના વર્ષોમાં ઈંડા અને દૂધ બંને અત્યંત મહત્વપૂર્ણ છે. આ બંને વિટામિન A, D, E, આયર્ન વગેરે જેવા અન્ય ઘણા પોષક તત્વો સાથે પ્રોટીનનો મહત્વપૂર્ણ સ્ત્રોત છે. આ પેનલે બાળકો માટે દૂધ અને ઈંડાના વપરાશને વધુ ઉત્તેજક બનાવવાની નવી રીતો વિકસાવવાની પણ ચર્ચા કરી હતી.

સમાન આંતરદષ્ટિના આધારે અને "એગ અને મિલ્ક બિસ્કિટ"ના ઉદ્યોગના અંતરને સમજવા માટે, ITC સનફિસ્ટે આજે 'ગુડનેસ ઑફ પ્રોટીન' સાથે તેની નવીનતમ પ્રોડક્ટ ઈનોવેશન, સનફિસ્ટ સુપર એગ એન્ડ મિલ્ક બિસ્કિટ રજૂ કરી છે. આ બિસ્કિટને ITCની પ્રોડક્ટ ડેવલપમેન્ટ ટીમ દ્વારા કાળજીપૂર્વક તૈયાર કરવામાં આવ્યું છે જેથી કરીને બાળકો પોષણની સાથે સાથે સુપર કંચ સાથે સ્વાદિષ્ટ મેલ્ટ-ઈન-ધ-માઉથ અનુભવ મેળવે. વધુમાં, ટેગલાઈન, "સુપર કોમ્બો, સુપર ટેસ્ટી,'' તેના ગ્રાહકોને 'તમારા માટે સારું ઉત્પાદનો પહોંચાડવા માટે બ્રાન્ડની પ્રતિબદ્ધતાને પ્રતિબિંબિત કરે છે.

ITC ફૂડ્સના બિસ્કીટ અને કેક્સ ક્લસ્ટરના સીઓઓ, શ્રી અલી હેરિસ શેરે પ્રોડક્ટ લોન્ચ કરતાં જણાવ્યું હતું કે, "અમારા ઉપભોક્તા સંશોધન દર્શાવે છે કે માતા ઈંડા અને દૂધને બાળકો માટે આવશ્યક ખોરાક માને છે, જોકે, વ્યક્તિગત રીતે, આ ઘટકો નથી. બાળકો માટે ખૂબ જ અનુકૂળ છે, ખાસ કરીને ઘરની બહારના વપરાશ માટે માતાઓ આ પોષક તત્વો પ્રદાન કરવા માંગે છે પરંતુ બજારમાં હાલના ઉત્પાદનોમાં આ બંનેનું મિશ્રણ નથી બિસ્કિટના રૂપમાં આવશ્યક ખાદ્ય ઘટકો તેને રોજિંદા વપરાશ માટે અનુકૂળ બનાવે છે, અમે ભારતમાં વિવિધ સુલભ કિંમતો પર ઈંડા અને દૂધ સાથે બિસ્કિટ રજૂ કરનારા પ્રથમ છીએ. સનફીસ્ટ એગ એન્ડ મિલ્ક બિસ્કિટ સમગ્ર દક્ષિણ અને પૂર્વ ભારતમાં રૂા.૫, રૂા. ૧૦ અને રૂા. ૩૦.ના ભાવે ઉપલબ્ધ થશે. ITC ખાતે, બદલાતી જીવનશૈલી અને ઉપભોક્તાની પસંદગીને ધ્યાનમાં રાખીને ગ્રાહકને મૂલ્યવર્ધિત ખાદ્યપદાર્થો ઓફર કરવાનો સતત પ્રયાસ કરવામાં આવ્યો છે. તેની પોષણ વ્યૂહરચના 'હેલ્પ ઈન્ડિયા ઈટ બેટર' ફ્રેમવર્કના ભાગરૂપે, ITC ગ્રાહકોની જરૂરિયાતોને પહોંચી વળવા અને તેમને માહિતગાર પસંદગી કરવામાં મદદ કરવા માટે વિજ્ઞાન આધારિત, ઉપભોક્તા આધારિત ઉત્પાદન વિકાસ, કૃષિ વગેરેમાં તેની શક્તિઓનો ઉપયોગ કરી રહી છે.



શ્રાવણ માસમાં 'ખાયકી' કરવામાં પણ ઉપવાસ કરવાનું રાખ!



શ્રાવણ માસના વ્રતના બહાને તળેલું-ફરાળી ખાવાનું બંધ કરો, તમારૂં શરીર વધતું જાય છે!

# સોમનાથ : રાષ્ટ્ર ધર્મ ભક્તિનો અદ્‌ભૂત સમન્વય

## સોમનાથ મંદિર નવનિર્માણ સંકલ્પ સમયે મંદિરને કાંગરે પ્રથમ રાષ્ટ્રધ્વજ લહેરાવાયો હતો



(પ્રતિનિધી દ્વારા)

સોમનાથ તા.૧૩

ભારત બાર જયોતિર્લીંગમાં પ્રથમ સોમનાથ મહાદેવનું મંદિર એટલે ધર્મભક્તિ અને રાષ્ટ્ર ભક્તિનો અદ્‌ભુત સમન્વય જોવા મળે છે.

દર વર્ષે સોમનાથ મંદિર પટાંગણમાં રાષ્ટ્રીય ધ્વજ ૧૫ ઓગષ્ટ-૨૬ જાન્યુઆરીએ લહેરાવાય છે. ધ્વજવંદન સલામીના કાર્યક્રમો યોજાય છે. જેમાં ટ્રસ્ટ, પોલીસ, યાત્રિકો સહભાગી બને છે.

૧૫ ઓગષ્ટ-૨૬ જાન્યુઆરીએ ભગવાન શ્રી સોમનાથ મહાદેવને રાષ્ટ્રીય ત્રિરંગાનો દિવ્ય શણગાર કરવામાં આવે છે અને સાંજે મંદિરને રાષ્ટ્રધ્વજ રંગી થીમ બેઈઝ રંગબેરંગી વીજળી રોશની કરવામાં આવે છે.

૧૩ નવેમ્બર ૧૯૪૭ના રોજ તત્કાલીન ભારતના નાયબ વડાપ્રધાન વલ્લભભાઈ પટેલ આઝાદી મળતાં જ સીધા સોમનાથ આવ્યા અને મંદિરની દુર્દશા જોઈ તે જ ક્ષણે સાગરજળની અંજલિ લઈ નૂતન મંદિર નિર્માણનો સંકલ્પ કર્યો. આ કાર્યક્રમ ઓચીંતો નકકી થયો હોવાથી ઉપસ્થિત લોકો પાસે ભગવી ધજા તો હતી નહીં અને સરદાર વલ્લભભાઈ પટેલ નાયબ વડાપ્રધાન હોય, કેટલાક લોકો ત્રિરંગા ધ્વજ કાઠી સાથે લાવ્યા હતા. સરદારના સંકલ્પથી લોકો ઉત્સાહમાં એટલા બધા આવી ગયા તે સમયના ખંડિત મંદિરના કાંગરે ચઢી ભારતનો રાષ્ટ્રધ્વજ લહેરાતો કરી દીધો હતો. આમ મંદિર ઉપર પ્રથમ રાષ્ટ્રધ્વજ લહેરાયો હતો.

સોમનાથ મંદિર પ્રાચીન સમયથી જે તે સમયના રાજવીઓ, મહાનુભાવો અને કરોડો ભારતવાસીઓનું આસ્થા સ્થળ રહયું છે. જે ટ્રસ્ટના મોટાભાગના ટ્રસ્ટી ત્યારથી કોઈને કોઈ રાષ્ટ્રીય પદાધિકારી તરીકે બિરાજમાન રહયા છે. પ્રાચીન સમયમાં જયારે યુધ્ધ લડાતાં તેમાં રણનાદ જય સોમનાથ રહેતો હતો.

# માણાવદરના પ્રાચીન પીપળેશ્વર મંદિરનો મહિમા





(પ્રતિનિધી દ્વારા)

માણાવદર તા.૧૩

માણાવદર શહેર કે નગરમાં પ્રાચીન પીપળેશ્વર મહાદેવ મંદિર આવેલું છે પહેલાના સમયમાં ગામની મધ્યમાં આવેલું આ પ્રાચીન મંદિર જેલ દરવાજાની અંદર આવેલું છે એમ કહેવાય છે કે પીપળાની નીચે પ્રગટ થયેલું આ પ્રાચીન મંદિર ની બાંધણી કેવી છે કે મંદિરમાં પ્રવેશતા જ બે વિશાળ ઓટા આવેલા છે સાધુ પુરુષ પૂજ્ય નાથુ જતી ધરમ જતી બાપુ ગોસ્વામી તેમની સેવા પૂજા કરે કરતા હતા તેમની બાજુમાં વિશાળ રામદૂત હનુમાનજી મહારાજની પ્રતિભા આવેલી છે ગામની મધ્યમાં આવેલું આ મંદિરમાં વહેલી સવારથી જ ભાવિક ભક્તો આવી પૂજા પાઠ કરે છે અને સંધ્યા સમયે તાલ બંધ રીતે નગારા ઝાલર અને શંખ ધ્વનિની આરતી થાય છે શ્રાવણ માસમાં બપોરે ૧૨:૦૦ વાગે આરતી થાય છે મોટી સંખ્યામાં વેપારીઓ અબાલ વૃદ્ધ અને આરતીમાં જોડાઈ છે પહેલાના સમયમાં ગામની મધ્યમાં આવેલું પીપળેશ્વર મહાદેવ મંદિર મહાદેવ માં સાધુ સંતો અતિથિઓનો મુકામ રહેતો શાપુર સરાડીયા રેલવે લાઈન ધમધમતી હતી ત્યારે રેલવે સ્ટેશન થી માણાવદર ગામ માં શ્રી મહાદેવી યા મંદિર ના સ્થાપક લોક સંત બ્રહ્મલીન પૂજ્ય રઘુવીર દાસ બાપુ નો પ્રથમ મુકામ અને માણાવદર બાંટવા હાઈવે રોડ પર ગોકુલ નગર સામે શ્રી કષ્ટભંજન હનુમાન મંદિર ના પૂજ્ય મોહનદાસ બાપુ શ્રી પીપળેશ્વર મહાદેવ મંદિરમાં સેવા પૂજા કરતા હતા,ઉપરના સમયે વિશાળ મકાનો હોવાથી સ્વાધ્યાય કેન્દ્ર અને ખેડૂત મંડળની મીટીંગો અને ધર્મ માટે નાના મોટા કાર્યક્રમો થતાં ગોસ્વામી શ્રી નાથું જતી ધરમ જતી બાપુનો પરિવાર સેવા પૂજા કરતા હતા.તેમના સંતાનો ભણેલા ગણેલા અને ઉચ્ચ સ્થાને પહોંચેલા ગોસ્વામી પરિવારના સંતાનો માણાવદર છોડી રાજકોટ કે અન્ય સ્થળોએ વસતા હોય ત્યારે શ્રાવણ માસમાં કે તહેવારોમાં અચૂક આવી પીપળેશ્વર દાદા ની સેવા પૂજા કરતા વર્ષમાં એકાદ બે વખત ભજન ભાવ ના કાર્યક્રમો પણ કરતા હવે તેમનો પરિવાર માણાવદરમાં વસતો નથી પણ શ્રી પીપળેશ્વર મહાદેવ મંદિરમાં શ્રદ્ધા ધરાવતા પરિવારો ભાવિક ભક્તો સવારના પાંચ વાગ્યાથી જ પીપળેશ્વર દાદા ની સેવા પૂજા કરે છે અને ખૂબ જ સુંદર રીતે શણગાર સજી ને મહાદેવ નેરાજી કરી રહ્યા છે ગામની મધ્યમાં આવેલું એકમાત્ર આ સાર્વજનિક મંદિર હોવાથી કુંવારીકાઓના વ્રત પૂજન અને ઉત્સવો પવિત્ર ઋષિ બ્રાહ્મણો દ્વારા થાય છે આમ માણાવદર શહેરનું પ્રાચીન પીપળેશ્વર મહાદેવ મંદિર મહાદેવ શ્રદ્ધા અને આસ્થાની માંણાવદર શહેરમાં ફેલાયેલી છે.

# સુત્રાપાડા ખાતે પ્રજાપિતા બ્રહ્માકુમારી દ્વારા ત્રિવેણી મહોત્સવ યોજાયો





(પ્રતિનિધિ દ્વારા)

પ્રભાસ-પાટણ તા.૧૨

પ્રજાપિતા બ્રહ્માકુમારી વિદ્યાલય દ્વારા સુત્રાપાડામાં વિશેષ ત્રિવેણી મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ગુરૂપૂર્ણિમા સર્વશ્રેષ્ઠ શિક્ષકોનો સન્માન ઈશ્વરીય રક્ષાબંધનનું આયોજન કરવામાં આવ્યું હતું. જેનું વિશેષ લક્ષ્ય છે કે રક્ષાબંધનએ સર્વ પર્વોમાં એક અનોખું પર્વ છે જે ભારતની સંસ્કૃતિ તથા માનવીય મૂલ્યોને ઉજાગર કરવાવાળું છે. અનેક આધ્યાત્મિક રહસ્યોને પ્રકાશિત કરવા વાળું છે આ ભાઈ બહેનના પવિત્ર તહેવારનો પર્વ એક પરમાત્મા ઉપહાર તાલાળા ધારાસભ્ય ભગવાનભાઈ બારડ, પૂર્વ કેબિનેટ મંત્રી જશાભાઈ બારડ, ગીર સોમનાથ બ્રહ્માકુમારી વિદ્યાલયના મુખ્ય સંચાલિકા બ્રહ્માકુમારી કિરણબેન તેમજ પ્રમુખ દિલીપભાઈ બારડ હાજર રહી દીપ પ્રજ્વલન કરી કાર્યક્રમનો શુભારંભ કર્યો સુત્રાપાડા તાલુકા માંથી આવેલા ૨૦૦ જેટલા શિક્ષકોનું સન્માન કર્યું તેમજ પરમાત્મા ના પ્રતીક રક્ષા સૂત્ર બાંધી બ્રહ્માકુમારી બહેનોએ પરમાત્મા યાદ સોગાત આપી મુખ મીઠું કરાવી રક્ષાબંધનના આધ્યાત્મિક રહસ્ય થી માહિતગાર કર્યા તેમજ સાત સોનેરી સંકલ્પોમાંથી કોઈપણ સંકલ્પ સૂત્રમાં સ્વયમને બાંધી સાચું રક્ષાબંધન મનાવીએ અને વિશ્વબંધુત્વના ભારતના સ્વપ્નને સાકાર કરીએ.

# માળીયા હાટીના રઘુવંશી સમાજનું ગૌરવ




જૂનાગઢ, તા.૧૩

તાજેતરમાં ગુજરાત સરકાર દ્વારા આયોજિત અખિલ ભારતીય રમત સ્પર્ધા જિલ્લા કક્ષાએ યોજવામાં આવી હતી જેમાં ચેસ સ્પર્ધાનું અક્ષરવાડી ખાતે આયોજન કરવામાં આવ્યું હતું. સ્પર્ધામા સામાજિક આગેવાન કલ્પેશભાઈ કારીયાના પુત્ર અને માળીયાહાટીનાની પુષ્ટિ સંસ્કાર સ્કૂલમાં અભ્યાસ કરતા આયુષ કારીયા (ઉં.વ.૧૨) ચેસ સ્પર્ધામાં જિલ્લામાં ટોપ ટેનમાં સ્થાન મેળવ્યું હતું. આયુષને મળેલ સિદ્ધિ બદલ પુષ્ટિ સંસ્કાર સ્કૂલના પ્રિન્સિપાલ હિતેશભાઈ વડોયા , જ્ઞાતિજનો તથા આગેવાનોએ શુભેચ્છા પાઠવી હતી.

## કૈસે આવું રે..

કૈસે આવું રે નરસૈયા તેરી જૂનાગઢ નગરી
બડી ગંદી નગરી, બડે ગડેવાલી નગરી
કૈસે આવું રે...

બડે નામ કી નગરી, કમર તોડ નગરી
ઉખડ-બાખડ વાલી નગરી, પાની ભરી નગરી
કૈસે આવું રે..

કચરો કે ઢેર ભરી નગરી, બદબું સે ભરી નગરી
ગાય ઔર બેલો સે ભરી નગરી,
રીખડું કુતો સે ભરી નગરી
કૈસે આવું રે...

ગાડી મે ફિરનેવાલે નેતા કી નગરી
એ.સી. મે બેઠનેવાલો કી નગરી,
ભ્રષ્ટાચારીયો સે ભરી નગરી,
કૈસે આવું રે...

નહીં મિલતી કઈ પાની કી શુધ્ધ ગગરી,
ગંદે પાણી સે ભરી નગરી,
'માસુમ' મુશ્કુરા અબ તો બનેગી તેરી નગરી,
પુરી કે પુરી સ્વચ્છ હો જાયેગી નગરી,
કૈસે આવું રે...

**'માસુમ' જૂનાગઢી**
**મેમણ મુસા રેમાન કાસમાણી**
**સુખનાથ ચોક, જૂનાગઢ**

# જૂનાગઢ દામોદર કુંડ પાસે આવેલ ગુપતેશ્વર મહાદેવ



જૂનાગઢ, તા.૧૩

હાલ શ્રાવણ માસચાલી રહ્યો છે ત્યારે જૂનાગઢ શહેર તેમજ ભવનાથ ક્ષેત્રમાં અમુક શિવાલયો છે જેની ઘણાં ભાવિકોને જાણ નથી હોતી પણ ભવનાથ રોડ ઉપર આવેલ દામોદર કુંડ પાસે પુલ નીચે એક ગુફામાં એક અદભુત શિવાલય આવેલ છે. "ગુપતેશ્વર "નામનું આ શિવાલય પ્રાચીન હોવાનું જણાય છે. અહીં શિવની ઉપસ્થિતનો અણસાર આવે છે. આસપાસ ઊંચા ડુંગર માળા, ટેકરીઓ આધ્યાત્મિકનાં દર્શન કરાવે છે. બાજુમાં દામોદર કુંડનાં ઝરણાં પણ શોભામાં વધારો કરે છે.

# જૂનાગઢ જીલ્લામાં જુગારના અલગ અલગ દરોડાઓમાં ૩૦ જેટલા જુગારીઓ ઝડપાયા

(ક્રાઈમ રીપોર્ટર)

જૂનાગઢ તા.૧૩

જૂનાગઢ સહિત જીલ્લામાં જુગારની મૌસમ પુરબહારમાં ખીલી હોય તેમ ગઈકાલે જૂનાગઢ તાલુકાના ચોકી, મજેવડી, ભેંસાણના ખારચીયા, કેશોદના રાણીંગપરા, માળીયા હાટીના તરશીંગડા પોલીસે જુગાર અંગે દરોડાઓ પાડતા ત્રીસેક જેટલા જુગારીઓને ઝડપી ધોરણસરની કાર્યવાહી કરી છે.

આ અંગે પ્રાપ્ત થતી વિગતો અનુસાર જૂનાગઢ તાલુકા પોલીસે ચોકી(સોરઠ)ગામે પ્રાથમીક શાળા પાસે જાહેરમાં જુગાર રમતા યોગેશ જમનભાઈ વઘાસીયા, દિનેશ હરીભાઈ વઘાસીયા, પંકજ ભીમજીભાઈ કોરાટ, ગૌતમ કાંતીભાઈ બાબરીયા, પિયુષ રમણીકભાઈ ડોબરીયા, રોનક બાબુભાઈ ગેવરીયા, જયેશ ધનસુખ ગૌસ્વામી, પંકજ મનસુખ ગેવરીયાને ૨૩૫૭૦ના મુદ્દામાલ સાથે ઝડપી લીધેલ છે. જયારે જૂનાગઢ તાલુકા પોલીસે મજેવડી ગામેથી જાહેરમાં જુગાર રમતા મિલન ભીખાભાઈ પટોળીયા, દિવ્યેશ શાતીભાઈ મકવાણા, હિતેશ રમેશભાઈ રાઠોડને ૧૨૧૦ના મુદ્દામાલ સાથે ઝડપી લીધેલ જયારે અશોક ઉર્ફે કટીયો દિલીપભાઈ પોલીસને જોઈ નાસી જતા પોલીસે ચારેય આરોપીઓ વિરૂધ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. તેમજ ભેસાણ પોલીસે ખારચીયા(વાંકુના)ગામેથી જાહેરમાં જુગાર રમતા અમરૂભાઈ વલ્કુભાઈ વાંક, મહેશ ધીરૂભાઈ સેજલીયા, વિઠ્ઠલ પોપટભાઈ વૈષ્ણવ, અશોક નાગજી ચોવટીયા, રાજેશ વાઘજી મોરી, ભરત કાશવ મારવીયાને ૩૫૩૫૦ના મુદ્દામાલ સાથે ઝડપી ધોરણસરની કાર્યવાહી કરી છે. તેમજ કેશોદ પોલસે રાણીંગપરા ગામેથી જાહેરમાં જુગાર રમતા હરસુખ ઉર્ફે પેથો જાદવ મકવાણા, ગૌતમ બાબુભાઈ ડાભી, સંજય વલ્લભભાઈ ડાભી, કેતન લખમણભાઈ સોલંકીને ૫૦૮૦ના મુદ્દામાલ સાથે ઝડપી ધોરણસરની કાર્યવાહી કરી છે. જયારે માળીયા હાટીનાના તરશીંગડા ગામેથી જાહેરમાં જુગાર રમતા વલ્લભ છગનભાઈ ઝાલાવાડીયા, ઈમ્તીયાઝ ઈબ્રાહીમ રીન બ્લોચ, મનીલાલ દેવરાજ ઝાલાવાડીયા, રાજેન્દ્ર કાનજી ઘોયલ, કમલેશ છગનભાઈ રબારી, યુનીસ ભીખુભાઈ બ્લોચ, જેસીંગભાઈ સામતભાઈ મકકા, મેરામભાઈ રણછોડભાઈ બારૈયાને ૧૦૫૯૦ના મુદ્દામાલ સાથે ઝડપી લઈ ધોરણસરની કાર્યવાહી કરી છે.

# વંથલીના સેલરા ગામે વાડીની ઓરડીમાંથી જુગાર કલબ ઝડપાઈ : ૪ ઝડપાયા, ૬ નાસી ગયા

(ક્રાઈમ રીપોર્ટર)

વંથલી તા.૧૩

વંથલી તાલુકાના સેલરા ગામે વાડીની ઓરડીમાં ચાલતી જુગારકલબ પર વંથલી પોલીસ દરોડા પાડતા ૪ ઝડપાયા જયારે ૬ આરોપીઓ નાસી છુટયાનું વંથલી પોલીસમાં નોંધાયું છે.

આ અંગે પ્રાપ્ત થતી વિગતો અનુસાર વંથલી પોલીસે બાતમીના આધારે આરોપી અરશીભાઈ પીઠાભાઈ ચાંડેરા તથા જસ્મીનભાઈ ઓઘડભાઈ બારડ બંને સેલરાવાળાઓ અરશી ચાંડેરાની સેલરા ગામની સીમમાં ઈવનગર ગામના સીમાડે આવેલ વાડીએ ઓરડીમાં બહારથી માણસો બોલાવી બન્ને જણાઓ ગંજીપતાના પાના વડે પૈસાની હારજીત કરી જુગાર રમી રમાડી પોતાના આર્થીક ફાયદા સારૂ નાલના પૈસા ઉઘરાવી બન્ને જણાઓ જુગારનો અખાડો ચલાવી નાલના રૂપિયા સહીત કુલ રોકડા રૂા.૨૭૫૫૦, ૫ મોબાઈલ કી.રૂ.૧૬,૦૦૦, પાંચ મોટર સાયકલ કી.રૂ. ૧,૦૦,૦૦૦ સહિત કુલ કિ.રૂ. ૧,૪૩,૫૫૦/-નાં મુદ્દામાલ સાથે જસ્મીન ઓઘડભાઈ બારડ, દેવાયત લખમણભાઈ પીઠીયા, ગોવીંદભાઈ જેઠાભાઈ કરંગીયા, ભાણજી છગનભાઈ ભરડવાને ઝડપી લીધેલ છે. જયારે અરશી પીઠાભાઈ ચાંડેરા, ભરત ઘોસાભાઈ ભરવાડ, અનીલ જગમાલભાઈ ચાંડેરા, પરબત લખમણભાઈ પીઠીયા, ડોસલ ખીમાભાઈ બારડ અને અરશીભાઈના કોન્ટેકથી આવેલ એક શખ્સ મળી કુલ ૬ શખ્સો નાસી છુટતા પોલીસે તમામ આરોપીઓ વિરૂધ્ધ જુગારધારા ૪, ૫ મુજબ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# મધુર સોશ્યલ ગ્રુપ દ્વારા સ્વાતંત્ર પર્વની વિશેષ ઉજવણી થશે

## સીનીયર સીટીઝન ગ્રુપ જૂનાગઢનાં પ્રમુખ જે.બી. માંકડનાં હસ્તે મહાબત મકબરા ખાતે ધ્વજવંદન કરાશે

જૂનાગઢ તા. ૧૩

વિશ્વની સૌથી મોટી લોકશાહી ભારત ચાલુ વર્ષે આઝાદીનાં અમૃત મહોત્સવની ઉજવણી કરી રહયું છે. આપણો દેશ હવે આર્થિક મહાસત્તા બનવા જઈ રહયો છે. દરેક નાગરીક માટે સંવિધાન પ્રત્યેની કૃતજ્ઞતા દેશભક્તિનું પર્યાય ગણાય છે. ત્યારે સ્વતંત્ર પર્વની ઉજવણીનું વિશેષ મહત્વ બને છે ત્યારે જૂનાગઢનાં મધુર સોશ્યલ ગ્રુપ પરંપરાગત રીતે આ વર્ષે પણ સ્વતંત્ર પર્વની વિશેષ ઉજવણી કરવા જઈ રહયુંછે. ૧૫ ઓગસ્ટનાં રોજ સવારે ૧૧.૧૫ કલાકે સીનીયર સીટીઝન ગ્રુપ જૂનાગઢનાં પ્રમુખ જે.બી. માંકડ દ્વારા ધ્વજવંદન કરાવવામાં આવશે. શહેરની ઐતિહાસીક ધાર્મિક સાંસ્કૃતિક વિરસત મહાબત મકબરામાં ધ્વજવંદનનો કાર્યક્રમ યોજાશે. આ કાર્યક્રમાં નાગરીકોને ઉપસ્થિત રહેવા ઈમરાન સોરઠીયા, સુફીયાન પટણી, સલીમભાઈ ગુજરાતી, સબીહા ગુજરાતી, રાજેશ શ્રીવાસ્તવ, નરેશ શાશીયા, અમિષ ગોસાઈ તથા સમગ્ર મધુર સોશ્યલ ગ્રુપ દ્વારા અનુરોધ કરાયો છે.

# કોમી એકતા રાષ્ટ્રીય એકતા સમીતી દ્વારા સુખનાથ ચોકમાં ૭૮માં સ્વાતંત્ર પર્વની ઉજવણી થશે

જૂનાગઢ તા. ૧૩

કોમી એકતા રાષ્ટ્રીય એકતા સમીતી જૂનાગઢ દ્વારા પ્રતિ વર્ષની જેમ ચાલુ વર્ષે પણ રાષ્ટ્રીય પર્વની ઉજવણીનો કાર્યક્રમ રાખી બંધારણનાં મુળભુત અધિકારો કોમી તેમજ રાષ્ટ્રીય એકતાને મજબુત કરી જનજાગૃતિ લાવવા માટે આયોજન કરવામાં આવે છે. જે સબબ આગામી તા. ૧૫ ઓગસ્ટ ગુરૂવારનાં રોજ સુખનાથ ચોક ખાતે સવારે ૧૦.૧૫ કલાકે ૭૮માં સ્વાતંત્ર પર્વની ભવ્ય ઉજવણી કરાશે. જેમાં જીસાનભાઈ એડવોકેટ સીપીએમ મંત્રી તેમજ માજી કોર્પોરેટર વહાબભાઈ કુરેશી દ્વારા ધ્વજવંદન કરવામાં આવશે.

આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન પદે અભિજીતભાઈ ઉપાધ્યાય, બટુકભાઈ મકવાણા, ઈબ્રાહીમભાઈ કુરેશી, મનોજભાઈ જોષી, એસ.આઈ. બુખારી બાપુ, અમીતભાઈ ઢુંમર, અબ્બાસભાઈ કુરેશી, સોહીલભાઈ સીદીકી, કુંદનભાઈ લાલવાણી વગેરે ઉપસ્થિત રહેશે તેમ કોમી એકતા રાષ્ટ્રીય એકતા સમીતીની યાદીમાં જણાવાયું છે.

# જૂનાગઢ : ખામધ્રોળ રોડ પરથી રીવોલ્વર સાથે શખ્સ ઝડપાયો

જૂનાગઢ તા.૧૩

જૂનાગઢ શહેરના ખામધ્રોળ રોડ પર નવી આરટીઓ કચેરી સામેથી એસઓજીની ટીમે દેશી હાથ બનાવટની રીવોલ્વર સાથે શખ્સને દબોચી જૂનાગઢ તાલુકા પોલીસે ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

આ અંગે પ્રાપ્ત થતી વિગતો અનુસાર જૂનાગઢ એસઓજીની ટીમે પેટ્રોલીંગ દરમ્યાન રમીઝખાન ઉર્ફે ભાવનાગરી યુસુફખાન પઠાણને દેશી હાથ બનાવટની રીવોલ્વર કિ.રૂા.૧૦ હજારવાળી સાથે ઝડપી લઈ વધુ પુછપરછ કરતા આ રીવોલ્વર મધ્યપ્રદેશના ગ્વાલીયરમાં રહેતા રોહીત જાટે પાસેથી લીધી હોવાનું કબુલતા પોલીસે બંને શખ્સો વિરૂધ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# શ્રાવણ મહિના બીજા મંગળવારે શ્રી કષ્ટભંજન દેવ હનુમાનજીને દિવ્ય વાઘા એવં સિંહાસને નાડાછડી અને ફુલોનો શણગાર કરાયો

(પ્રતિનિધિ દ્વારા)

સાળંગપુર તા.૧૩

ભગવાન શિવની આરાધના પર્વનો શ્રાવણ મહિનાનો છે. ત્યારે સ્વામિનારાયણ મંદિર વડતાલધામ સંચાલિત સુપ્રસિદ્ધ યાત્રાધામ સાળંગપુરધામ શ્રી કષ્ટભંજનદેવ હનુમાનજી મંદિર ખાતે પણ શ્રાવણ મહિનાની ભવ્યાતિભવ્ય ઉજવણી કરવામાં આવી રહી છે. આજે પ.પૂ શાસ્ત્રી સ્વામી શ્રી હરિપ્રકાશદાસજી પ્રેરણા અને કોઠારી શ્રી વિવેકસાગર સ્વામિના માર્ગદર્શનથી દાદાને દિવ્ય વાઘા એવં સિંહાસને નાડાછડી અને ફુલોનો શણગાર કરાયો છે. આજે સવારે મંગળા આરતી પૂજારી સ્વામી દ્વારા અને શણગાર આરતી કોઠારી શ્રી વિવેકસાગર સ્વામી દ્વારા કરવામાં આવી હતી. આજે મોટી સંખ્યામાં ભક્તોએ દાદાના વિશેષ દર્શનનો લ્હાવો લીધો હતો. આજે દાદાને કરાયેલાં શણગાર વિશે પૂજારી સ્વામીએ જણાવ્યું હતું કે, આજે શ્રાવણ મહિનાના બીજા મંગળવાર નિમિત્તે શ્રીકષ્ટભંજન દેવ હનુમાનજીને વિશેષ નાડાછડીમાંથી બનેલા વાઘા અને સિંહાસનને નાડાછડીનો શણગાર કરાયો છે. દાદાના વાઘા રાજકોટમાં પાંચ દિવસની મહેનતે તૈયાર થયા છે. તો દાદાના સિંહાસને કરાયેલો શણગાર કરતાં ૬ સંતો, પાર્ષદ અને ભક્તોને ૮ કલાકનો સમય લાગ્યો હતો. દાદાનો આ શણગાર કૂલ ૧ હજાર કિલો નાડાછડીમાંથી તૈયાર કરાયો છે.



આ નાડાછડી ભક્તોને રક્ષાસૂત્ર તરીકે સંતો દ્વારા બાંધી આપવામાં આવશે. શ્રાવણ માસ દરમ્યાન શ્રી હરિ મંદિર દિવ્ય હિંડોળાના આ અનેરા દર્શનનો લાભ હજારો ભક્તોએ પ્રત્યક્ષ તેમજ ઓનલાઈન લઈ ધન્યતાનો અનુભવ કરેલ.

# માણાવદરમાં રૂદ્ર યજ્ઞ યોજાયો

(પ્રતિનિધી દ્વારા)

માણાવદર તા.૧૩

માણાવદરમાં શેઠ પરિવાર દ્વારા મહારૂદ્ર યજ્ઞ કરાયું હતું જેમાં આચાર્ય પદે નયનભાઈ, રમેશભાઈ જાની સહિત ૩૧ ભુદેવો સાથે કુંડી હવનનું આયોજન કરાયું હતું. જેમાં ભાવિ ભક્તજનો જોડાયા હતા. પરિવારના હરેશભાઈ શેઠ, વિજયભાઈ શેઠ, યજમાનપદે બીરાજયા હતા.

# દ્વારકામાં કૃષ્ણ જન્મોત્સવ જન્માષ્ટમીની ભવ્ય ઉજવણી ની પૂર્વ તૈયારીની થઈ શરૂઆત


(પ્રતિનિધિ દ્વારા)

દ્વારકા તા.૧૩

આગામી શ્રાવણ વદ આઠમ એટલે કે જન્માષ્ટમી મહોત્સવની ઉજવણીના ભાગ સ્વરૂપે દ્વારકાધીશ જગત મંદિરમાં તૈયારીની શરૂઆત થઈ છે. જેમાં દ્વારકાધીશ જગત મંદિરને સુંદર એવા લાઈટિંગના શણગાર દર વર્ષે કરવામાં આવે છે. જેના



ભાગરૂપે આજે દ્વારકાધીશ જગત મંદિરના મુખ્ય પ્રવેશ દ્વારને લાઈટિંગથી શણગારવામાં આવ્યો હતો.


सत्यमेव जयते
ગુજરાત સરકાર
હર ઘર
તિરંગા
લહેરાવીએ
તિરંગાથી શણગારીએ
ગુજરાત
દેશની શાન તિરંગાને આપીએ માન
માનનીય મુખ્યમંત્રી
શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ
તેમજ
શ્રી અમિતભાઈ શાહ
માનનીય કેન્દ્રીય મંત્રી,
ગૃહ અને સહકારિતા મંત્રાલય, ભારત સરકાર
અમદાવાદ ખાતે તિરંગા યાત્રામાં
ઉપસ્થિત રહેશે.
તારીખઃ ૧૩ ઑગસ્ટ, ૨૦૨૪ સમયઃ સાંજે ૪:૦૦ વાગે
સ્થળઃ કેસરી નંદન ચોક, વિરાટનગર રોડ, વિરાટનગર, અમદાવાદ
www.harghartiranga.com